Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : ૩૪ ● અંક : ૩૩
તા.૧૦-૦૩-૨૦૧૮, શનિવાર
સંવત ૨૦૭૪ ફાગણ વદ - ૦૯
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૫૬ સૂર્યાસ્ત : ૦૬:૪૬

તાપમાન: ડીસા ૩૫.૨ | અમદાવાદ ૩૬.૨ | ગાંધીનગર ૩૫.૫ | વડોદરા ૩૬.૬ | સુરત ૩૫.૨ | નલિયા ૩૧.૬

ચાંદી : ૩૯,૦૦૦ સોનું : ૩૧,૪૦૦

P.R.No. GBK/06/2018-20 RNI No 20508/71
Facebook.com/rakhewal

# રખેવાળ

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭ જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# ત્રિપુરાના મુખ્યમંત્રી તરીકે વિપ્લવ કુમારે શપથ લીધા

## ઈતિહાસ ત્રિપુરાની ચૂંટણીને યાદ રાખશે : રાજયમાં ફરી એકવખત દિવાળી આવી છે : આ સરકાર જે લોકોએ વોટ આપ્યા નથી તેઓની પણ છે : નરેન્દ્ર મોદી

નવીદિલ્હી

ત્રિપુરામાં હાલમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં પ્રચંડ બહુમતિ મેળવી લીધા બાદ આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં વિપ્લવકુમાર દેવે ત્રિપુરાના નવા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. શપથવિધિ કાર્યક્રમમાં મોદીએ ઉપસ્થિત રહીને સંબોધન પણ કર્યું હતું. મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું હતું કે, ઈતિહાસ ત્રિપુરાની આ ચૂંટણીને હમેશા યાદ રાખશે. અમારી નવી સરકારના નવા ચહેરાઓ ત્રિપુરાને નવી ઉંચાઇ ઉપર



લઈને જશે. વડાપ્રધાને અહીં કોરબરોક ભાષામાં તમામનું અભિવાદન કર્યું હતું. મોદીએ કહ્યું હતું કે, આજે ત્રિપુરામાં ફરી એકવાર દિવાળી આવી છે. તેમણે ઉમેર્યું હતું કે, જે લોકોએ વોટ આપ્યા નથી તે લોકોની પણ આ સરકાર છે. જે વિપક્ષમાં આવ્યા છે તેમને અપીલ છે કે, તેઓ પાસે જે કંઈપણ અનુભવ રહેલા છે તે એકબીજા સાથે વહેંચીને આગળ વધે. સત્તા પક્ષ અને વિપક્ષ સાથે મળીને આગળ વધે તો ત્રિપુરાને નવી ઉંચાઈ પર લઈ જવામાં મદદ મળશે. વડાપ્રધાને મહારાજા વિક્રમ સિંહને યાદ કર્યા હતા. વિકાસના વચનો ઉપર મોદીએ કહ્યું હતું કે, દરેક નાગરિક અમારા નાગરિકો છે. સત્તા પક્ષ અને વિપક્ષના તમામ ધારાસભ્યો સાથે મળીને કામ કરશે. ત્રિપુરા ચૂંટણીના સંદર્ભમાં મોદીએ કહ્યું હતું કે, ત્રિપુરાની ચૂંટણી એવા કેટલાક રાજ્યોની ચૂંટણી તરીકે રહી છે જેની ચર્ચા ઈતિહાસમાં પણ થશે.

સુપ્રીમ કોર્ટના ઐતિહાસિક ચુકાદા બાદ દેશભરમાં નવી ચર્ચા છેડાઈ

## ઈચ્છામૃત્યુના અધિકારને શરતો સાથે સુપ્રીમની આખરે માન્યતા

### જેની સારવાર શક્ય નથી તેવી ગંભીરરીતે બિમાર રહેલી વ્યક્તિ ઈચ્છામૃત્યુ વસિયત લખી શકે : મેડિકલ બોર્ડ જ પેસિવ યુથેનેશિયા નક્કી કરશે : સુપ્રીમ

નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે આજે ઐતિહાસિક ચુકાદો આપતી વેળા ઈચ્છામૃત્યુની વસિયતને કાયદાકીય માન્યતા આપી દીધી હતી. સુપ્રીમે ઈચ્છા મૃત્યુના અધિકારને કેટલીક શરતોની સાથે લીલીઝંડી આપી દીધી છે. સુપ્રીમ કોર્ટનું કહેવું છે કે, લોકોને સન્માનપૂર્વક મરવાનો પણ પૂર્ણ અધિકાર રહેલો છે. સુપ્રીમ કોર્ટે પેસિવ યુથેનેશિયાને મંજુરી આપી હતી. સુપ્રીમ કોર્ટે ઈચ્છામૃત્યુની વસિયતને કાયદાકીય મંજુરી આપતી વેળા કેટલીક શરતો પણ લાગૂ કરી છે. સુપ્રીમે સાફ શબ્દોમાં કહ્યું છે કે, ગંભીરરુપથી બિમાર રહેલી દર્દી જેની સારવારની કોઇ શક્યતા નથી તે ઈચ્છા મૃત્યુ લખી શકે છે. ત્યારબાદ મેડિકલ બોર્ડ જ પેસિવ યુથેનેશિયા નક્કી કરશે. કોર્ટે કહ્યું છે કે, લિવિંગવિલ કોણ કરી શકે છે તેની પ્રક્રિયા કેવી રહેશે આના માટે માર્ગદર્શિકા જારી કરવામાં આવી છે. કોઈપણ એવી વ્યક્તિની લાઈફ વિલને લઈને તપાસ કરવામાં આવશે જેને સંપત્તિ અથવા વિરાસતમાં લાભ થનાર છે.

વિચાર વૈભવ...

## વિચાર વૈભવ...

આખા દિવસમાં બે કલાક તમારે રમવું જ જોઈએ બરાબર બે કલાક તમારા ખાવામાં જવા જોઈએ બરાબર નહાવા, ધોવામાં એક કલાક જવો જોઈએ બરાબર પાંચ કલાક લેસન કરવામાં જવા જોઈએ બરાબર તમારા સહુની ઉંમર નાની છે એટલે આઠ કલાક તમારા સૂવામાં જવા જોઈએ

'પણ સર, સ્કૂલનો સમય છ કલાકનો જ છે એનું શું ?

*****

કતલખાનાની વ્યાખ્યા કરવી હોય તો એમ કહી શકાય કે જ્યાં પશુને પરાણે જવું પડે અને જ્યાંથી ભાગી છૂટવા પશુ સતત ધમપછાડા કરતું રહે એનું નામ કતલખાનું. નાનાં નાનાં બાળકોને પૂછો કે તમને શાળા કેવી લાગે છે ? એમના તરફથી કદાચ આવો જ જવાબ મળશે કે અમને શાળા 'કતલખાના' જેવી લાગે છે. કીડીની બાજુમાં લાડવો મૂકવો એ જુદું અને કીડી ઉપર જ લાડવો મૂકી દેવો એ જુદું બાબાના શરીર પર ખડકાતા શાળાના પુસ્તકોના વજનને જોતાં એમ કહેવાનું મન થઈ જાય છે કે કીડી પર લાડવો મુકાઈ ગયો છે. બચવાની કોઈ જ સભાવના નથી.

- આચાર્ય વિજય રત્નસુંદરસૂરિ

## સાર સમાચાર...

### પેટાચૂંટણી : સપા માટે ૧૦૦ સભા કરવા માયાનો આદેશ

લખનૌ

ગોરખપુર અને ફુલપુર લોકસભાની સીટો પર યોજાનાર પ્રતિષ્ઠિત પેટાચૂંટણીને લઈને ભાજપની સામે જોરદાર ટક્કર લેવા આ વખતે સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજવાદી પાર્ટીએ કમર કસી લીધી છે. પેટાચૂંટણીને લઈને બહુજન સમાજવાદી પાર્ટીના વડા માયાવતીએ પોતાની પાર્ટીના કાર્યકરોને સમાજવાદી પાર્ટી માટે પ્રચાર કરવા સુચના આપી છે. માયાવતીએ બન્ને લોકસભા ક્ષેત્રમાં ઓછામાં ઓછી ૧૦૦ નુક્કડ સભા કરવા માટે આદેશ આપવામાં આવ્યો છે. ગુરૂવારના દિવસે થયેલી બેઠકમાં ચૂંટણી પ્રચાર માટે રણનિતી પર ચર્ચા કરવામાં આવી હતી. માયાવતીએ પોતાના નજીકના રાજ્યસભા સાંસદ અશોક સિદ્ધાર્થ અને અન્ય કેટલાક મોટા નેતાને પ્રચાર પર નજર રાખવા માટે સુચના આપવામાં આવી છે.

જોઈએ છે

ફોર વ્હીલર (કાર) માટે ડ્રાઈવર જોઈએ છે
અનુભવ ૧૦ વર્ષનો હોવો જરૂરી
મો.૯૮૯૮૮૪૪૬૩૬
સંપર્ક સમય : સવારે ૧૧ થી ૪

## ૪ વર્ષ પહેલાં દેશ શું બ્લેક હોલ હતો, બધો વિકાસ હવે જ થયો છે? : સોનિયા

### ૨૦૧૯માં પુનરાગમન કરીશું,અચ્છે દિનની હાલત પણ ઈન્ડિયા શાઈનિંગ જેવી થશે

ન્યુ દિલ્હી

વિરોધ પક્ષોને એકજૂટ કરવાના પ્રયાસો વચ્ચે કોંગ્રેસ નેતા અને યુપીએ અધ્યક્ષ સોનિયા ગાંધીએ મોદી સરકાર પર આકરા પ્રહાર કર્યા છે. સોનિયા ગાંધીએ શુક્રવારે એક કાર્યક્રમમાં કહ્યું હતું કે ૨૦૧૯મા તેમની પાર્ટી ફરીથી સત્તામાં આવશે. સોનિયાએ કહ્યું હતું કે ૨૦૧૯મા તેમની પાર્ટીનો મુખ્ય મુદ્દો મોદી સરકાર દ્વારા આપવામાં આવેલા વચનો રહેશે.

અચ્છે દિન પણ ઈન્ડિયા શાઈનિંગ જેવું જ છે. શું ભારત ૨૬ મે ૨૦૧૪ પહેલા એક બ્લેક હોલ હતું? શું ભારત ફક્ત છેલ્લા ચાર વર્ષમાં જ વિકાસ અને મહાનતાની તરફ આગળ વધ્યું છે? શું આવું કહેવું આપણા લોકોની બુદ્ધિમતાનું



અપમાન નહીં હોય. નોંધનીય છે કે સોનિયા ગાંધીએ વિરોધ પક્ષોને એકજૂટ કરવાના ઉદ્દેશ્યથી ૧૩ માર્ચે વિરોધ પક્ષના નેતાઓને ડિનર માટે બોલાવ્યા છે. માનવામાં આવી રહ્યું છે કે આ ફક્ત ડિનર નહીં હોય પરંતુ ભાજપના શાસન વિરુદ્ધ વિપક્ષોનું એકતા પ્રદર્શન પણ હશે. સોનિયા ગાંધીએ કહ્યું છે કે લોકશાહીમાં ચર્ચાને ખુલ્લી છૂટ હોવી જોઈએ. આજના કાળમાં ઘણા લોકો પાછળ રહી ગયા છે. ઈતિહાસને ફરીથી લખવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. હાલમાં દેશની રાજનીતિ એક અલગ તબક્કામાંથી પસાર થઈ રહી છે. સંવિધાનના સિદ્ધાંતો પર પ્રહાર કરવામાં આવી રહ્યા છે. સત્તામાં બેઠેલા લોકો ભડકાઉ નિવેદનો આપી રહ્યા છે. તેનાથી અભિવ્યક્તિની આઝાદી પર જોખમ વધી રહ્યું છે. દેશભરમાં વિરોધના સૂર ઊઠી રહ્યા છે અને અવાજને દબાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. ચૂંટણી માટે લોકોમાં ભાગલા પડાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આરટીઆઈ કાર્યકર્તાઓને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. ખેડૂતોની સમસ્યાઓ વકરી રહી છે.

## નિરવ મોદી કાંડ : જ્વેલરી માંગમાં ૨૦ ટકાનો ઘટાડો

નવી દિલ્હી

દેશમાં ૧૨૭૦૦ કરોડ રૂપિયાથી વધુના પંજાબ નેશનલ બેંક ફ્રોડના મામલાએ કારોબારીઓની સાથે સાથે ગ્રાહકોના વિશ્વાસને પણ હચમચાવતા માઠી અસર થઇ છે. આના કારણે જ્વેલરીની માંગમાં ૨૦ ટકા સુધીનો નોંધપાત્ર ઘટાડો થયો છે. નીરવ મોદી સ્કેમ સપાટી પર આવ્યા બાદ ૨૦ ટકા સુધી જ્વેલરી માંગ ઘટી છે.

## આરબીઆઈ પાસેથી ૧૩૦ અબજ વધારાના નાણાંની માંગ

### વધારાના ડિવિડંડરૂપે માંગણી કરવામાં આવી

નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ સરકારે આરબીઆઈ પાસેથી ૧૩૦ અબજ રૂપિયાના વધારાના ડિવિડંડની માંગણી કરી છે. ઓગસ્ટ મહિનામાં આરબી આઈએ જૂન ૨૦૧૭માં પુરા થયેલા નાણાંકીય વર્ષ માટે ૩૦૬.૫૯ અબજ રૂપિયાના ડિવિડંડની ચુકવણી કરી હતી. સરકારે આજે કહ્યું હતું કે, તેના દ્વારા ૧૩૦ અબજ રૂપિયાની આરબીઆઈ પાસેથી માંગ કરવામાં આવી છે. આર્થિક બાબતોના સેક્રેટરી સુભાષ ગર્ગે કહ્યું છે કે, સરકાર દ્વારા આ મહિને રિઝર્વ બેંક પાસેથી વધારે ડિવિડંડની અપેક્ષા રાખવામાં આવી રહી છે. ઓગસ્ટ મહિનામાં જંગી નાણાં ચુકવવામાં આવ્યા હત. વર્ષ ૨૦૧૫-૧૬માં ચુકવવામાં આવેલા ૬૫૮.૭૬ અબજ રૂપિયા કરતા અડધી રકમ એટલે કે ૩૦૬.૫૯ અબજ રૂપિયાની ચુકવણી કરવામાં આવી હતી. લોકસભામાં લેખિત પ્રશ્નના જવાબમાં નાણાં રાજ્યમંત્રી રાધાકૃષ્ણને આજે કહ્યું હતું કે, સરકારે આરબીઆઈ દ્વારા ટ્રાન્સફર થઇ શકે તે રીતે ૧૩૦ અબજ રૂપિયા વધારાની માંગણી કરી છે. તેમણે ઉમેર્યું હતું કે, વધારાના ફંડ તરીકે આ માંગ કરવામાં આવી છે. માલેગમ કમિટિની ભલામણના આધાર પર આ માંગ કરવામાં આવી છે.

## બનાસકાંઠાના વીજ કંપનીના કર્મીએ પાટણવાળી કરવાની ચીમકી આપી

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં ઉત્તર ગુજરાત વીજ કંપનીમાં ફરજ બજાવનાર દલિત સમાજના કર્મચારીએ પાટણ વાળી કરવાની ચીમકી આપતા દોડધામ મચી ગઈ હતી. વીજ નાણાં ઉચાપત કેસ મા નિર્દોષ છૂટવા છતાં નોકરી પર નહિ લેવાતા પીડિતે ચીમકી ઉચ્ચારી હતી.

વડગામ તાલુકાના કાલેડાના વીજ કંપનીના કર્મચારીને નોકરી પર પરત નહીં લેવાતા ન્યાય માટે પાટણવાળી કરવાનો નિર્ણય કર્યો છે. વર્ષ ૨૦૦૪ મા વડગામ તાલુકાના જલોત્રા ખાતે જીઈબી કચેરી મા ફરજ બજાવતા ખેમભાઈ નામના દલિત કર્મચારી પર ખોટો કેસ કરી એફ. આર. આઈ કરવાના ઉપરી અધિકારીઓ પર આક્ષેપ છે ત્યારે જેતે સમયે પોલીસ કાર્યવાહી બાદ નોકરીમાંથી છુટા કરાયેલા કર્મચારીને તેર વર્ષ બાદ કોર્ટે તમામ આરોપોમાંથી નિર્દોષ જાહેર કર્યા હતા. જોકે કોર્ટ ના ચુકાદા બાદ આ કર્મચારીએ પોતાને નોકરી લેવા અને પોતાના હક માટે યુ જી વી સી એલ સમક્ષ માગણી કરી હતી. દરમિયાન, યુ. જી.વી.સી. એલ. એ આ પીડિત કર્મચારીને કોઈ પણ પ્રકારનો લાભ આપવા નનૈયો ભણી દેતા આખરે પીડિતે સી.એમ. ઓન લાઈનમા દાદ માંગી હતી. જોકે, સી.એમ. ઓનલાઈનથી પણ સંતોષ ન મળતા અને યુ.જી.વી સી.એલ કોર્ટના આદેશની પણ અવગણના કરી રહયુ હોવાના આક્ષેપ સાથે નોકરી પર પરત નહિ લેવાય તો દલિત કર્મચારી ખેમાંભાઈએ આત્મ વિલોપનની ચીમકી આપી હતી.

પાટણમા પણ ન્યાયને મામલે આત્મવિલોપન થયું અને બનાસકાંઠા પણ પણ દલિત કર્મચારીને કોર્ટે નિર્દોષ જાહેર કર્યા હોવા છતાં ન્યાય ન મળતો હોય બનાસકાંઠામાં પણ પાટણવાળી થવાના એંધાણ વર્તાઈ રહ્યા છે.

## ડીસા માર્કેટયાર્ડના સંચાલક મંડળની ચૂંટણી યોજાશે

### ૧૬ ડિરેકટરોની ચૂંટણી માટે રાજકીય પક્ષોમાં ખેંચતાણ : હાલ ભાજપની નોમિનેટ બોડી વહીવટ કરે છે

ડીસા

ઉત્તર ગુજરાતની ટોચની સહકારી સંસ્થા ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ ડીસા (ડીસા માર્કેટયાર્ડ) ના સંચાલક મંડળની પ્રતિષ્ઠા ભરી ચૂંટણી માટે ૩૦ માર્ચે મતદાન થશે. માર્કેટયાર્ડની ચૂંટણીને લઇ ડીસાના સહકારી અને રાજકીય ક્ષેત્રે ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે. ડીસા માર્કેટયાર્ડના વિભાજન બાદ પ્રથમ વખત ચૂંટણી યોજાઈ રહી છે. વિભાજન બાદ હાલ સરકાર દ્વારા નોમિનેટ બૉડી વહીવટ કરે છે.



ભરત સુંદેશા

ઉત્તર ગુજરાતમાં ઊંઝા માર્કેટયાર્ડ બાદ મોખરાનું સ્થાન ધરાવતી ધી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (ડીસા માર્કેટયાર્ડ) દ્વારા અગાઉ ડીસા માર્કેટયાર્ડ, લાખણી પેટા બજાર, ભીલડી પેટા બજાર અને ડીસા શાકભાજી સબ માર્કેટયાર્ડનું સંચાલન થતું હતું. જોકે ત્રણેક વર્ષ અગાઉ ડીસા માર્કેટયાર્ડમાં થી લાખણી માર્કેટયાર્ડ નુ વિભાજન થતાં સરકાર દ્વારા નોમિનેટ બોડી દ્વારા વહીવટ ચાલતો હતો.

ત્યારબાદ વિભાજન બાદ હવે પ્રથમ વખત ડીસા માર્કેટ યાર્ડની ચૂંટણી યોજાવા જઈ રહી છે.જે માટેનું જાહેરનામું પણ બહાર પાડવામાં આવ્યું છે. ડીસા માર્કેટયાર્ડમાં ખેડૂત વિભાગની ૮, વેપારી વિભાગની ૪ અને ખરીદ-વેચાણ વિભાગની બે બેઠક મળી કુલ ૧૬ ડિરેકટરોની ચૂંટણી માટે ૧૯ માર્ચે ફોર્મ ભરાશે. ૨૦ માર્ચે ફોર્મની ચકાસણી થશે. ૨૩ માર્ચે ફોર્મ પરત ખેંચવાની તારીખ છે. અને જો ચૂંટણી યોજવાની થશે તો ૩૦ માર્ચે ચૂંટણી યોજાશે જયારે ૩૧ માર્ચે મતગણતરી થશે. ખેડૂત વિભાગની ૮ બેઠક માટે કુલ ૨૬૮૩ મતદારો છે. વેપારી વિભાગની ચાર બેઠકો

અનુસંધાન પાના નં.૬

### રૂ.૯૦૦ કરોડ ઉપરાંતનું ટર્નઓવર ધરાવતી સંસ્થા

ડીસા માર્કેટયાર્ડ ઉત્તર ગુજરાતની ટોચની સહકારી સંસ્થા ગણાય છે. ડીસા બજાર સમિતિ દ્વારા હાલ શાંતિલાલ શાહ મુખ્ય માર્કેટયાર્ડ, મોરારજી દેસાઈ પેટા બજાર ભીલડી અને વી.જે.પટેલ શાકભાજી સબ માર્કેટયાર્ડ ડીસાનું સંચાલન થાય છે. વર્ષે અંદાજે ૯૦૦ કરોડ રૂપિયાનું ટર્નઓવર ધરાવતી સંસ્થા ડીસા બજાર સમિતિ દ્વારા અનેક પ્રકારની સેવાકીય પ્રવૃત્તિઓ પણ કરવામાં આવી રહિ છે.

વર્ષોની પરંપરા... આતુરતાનો અંત...
આવી રહી છે રખેવાળની વાર્ષિક લવાજમ યોજના ટુંક સમયમાં જ...

સૂર્યોદય - ૬.૫૬ સૂર્યાસ્ત - ૬.૪૬

## તિથિદર્શન
ફાગણ વદ ૮ શનિવાર ૨૦૭૪




વિક્રમ સંવત : ૨૦૭૪, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૪ ફાગણ વદ : નોમ શનિવાર નક્ષત્રઃ મુળ યોગ :સિદ્ધિ કરણ :તૈતીલ આજે જન્મેલા બાળકની રાશી ધન (ભ.ફ.ધ.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

- જયોતીષી બંસીલાલ એચ.લોધા

## ચિંતન
- સુરેશ પ્રા.ભટ્ટ

### ચલં વિત્તં ચલં ચિત્તં ચલે જીવિત યૌવને ચલાચલ મિદં સર્વ કીર્તિયસ્ય સ જીવતિ

'લક્ષ્મી ચંચળ છે, મન ચલાયમાન છે, જિંદગી અને યૌવન પણ ચંચળ છે, આ બધું જ ચલ અને અચલ છે એ પરિસ્થિતિ જે 'કીર્તિ માગે છે તેનું જીવન, જીવ્યા તુલ્ય સફળ છે. લક્ષ્મી ક્યાંય કાયમ માટે રહેતી નથી, જીવનના પુરુષાર્થ કે ભાગ્યના દાયકા પ્રમાણે લક્ષ્મી ધન- સમૃદ્ધિ આવે છે.. આજના પ્રધાનો કે સરકારી સાહેબો કે વેપારી-ઉદ્યોગમાં અપાર સમૃદ્ધિ આવતી હોય છે તે સમય દરમિયાન કોઈ છકી જાય અને જીવન અને ધન વેડફી નાખે છે કોઈ 'બચત' કરી જીવન સુરક્ષિત કરે છે તો કોઈ દાન- પુણ્ય કરી 'કીર્તિ' કમાઈ લે છે. જીવન પણ કાયમી નથી, કયો શ્વાસ પાછો નહીં આવે એની આપણને ખબર નથી. મોજશોખ- વ્યસન-વાસનામાં જીવન વેડફી નાખવું કે સમાજસેવા કરી કીર્તિ- નામના પામવી એ આપણે વિચારી લેવાનું છે.

જીવનનો એક તબક્કો યુવાની છે. ૨૦- ૨૫ વર્ષમાં શ્રમ- પરિવાર દ્વારા કમાણી થઈ શકે કે આરામ કરી વય વેડફી પણ શકાય.

લક્ષ્મી- જીવન -યૌવન બધું જ ચલાયમાન- અસ્થિર છે. એનો સદ્ઉપયોગ કરી જીવનને ધન્ય બનાવવા માટે પ્રયત્ન કરવો જોઈએ.

## આપની આજ
- કનકચંદ્ર છગનલાલ વ્યાસ

**મેષ : (અ.લ.ઈ.)આરોગ્ય બાબતે સંભાળવું. નાણાંકીય કટોકટી અનુભવાય.**
**વૃષભ : (બ.વ.ઉ.)મનની મૂંઝવણ દૂર થાય. મહત્વના કાર્યમાં પ્રગત્તિ થાય.**
**મિથુન : (ક.છ.ઘ.)વિશ્વાસે વહાણ ન ચલાવવું. આરોગ્ય બાબતે સંભાળવું.**
**કર્ક : (ડ.હ.)મનમાં આનંદ રહે. જમીન, મકાન, વાહનને સંબંધિત કાર્યમાં સફળતા મળે.**
**સિંહ : (મ.ટ.)માનસિક અશાંતિ રહે. શેર-સટ્ટાથી દૂર રહેવું હિતાવહ.**
**કન્યા : (પ.ઠ.ણ.)કાર્યબોજમાં વધારો થાય. હિતશત્રુઓથી સાવધ રહેવું.**
**તુલા : (ર.ત.)વડીલ વર્ગ સાથે વાણી ઘર્ષણ થાય. ધંધાકીય પ્રગતિ રૂંધાય.**
**વૃશ્ચિક : (ન.ય.)ખર્ચના ભોગ બનવું પડે. પ્રવાસ-પર્યટન ટાળવો હિતાવહ.**
**ધન : (ભ.ફ.ધ.) વાણી સંયમ જાળવવો હિતાવહ. કોર્ટ-કચેરીના કાર્યથી દૂર રહેવું.**
**મકર : (ખ.જ.)વડીલ વર્ગ દ્વારા લાભ થાય. સામાજિક કાર્યમાં સફળતા મળે.**
**કુંભ : (ગ.શ.સ.)ગૃહવિવાદ, વ્યાપાર-ધંધામાં પ્રગત્તિ થાય.**
**મીન : (દ.ચ.જ.થ.)કંટાળાજનક દિવસ વ્યતિત થાય. આવકનું પ્રમાણ ઘટે.**

## આજનો દિન મહાન
- યશવંત કડીકર

ગાંધી વિચારસરણીથી રંગાયેલ, કલાપીમિત્ર, દરબાર વાજસુરવાળાની જન્મ જયંતિ છે.

એમનો જન્મ તા. ૧૦-૩-૧૮૭૪ ના રોજ થયો હતો. એમણે સ્થાપેલી, 'હડાણા લાઈબ્રેરી' નો સમુદ્ર ગ્રંથભંડાર ત્યાંની પ્રજાને માટે સદા ખુલ્લો રહેતો. નામાંકિત ભજનિકો, ચારણો અને મેઘાણી જેવા સાહીત્યકારોનો એમને ત્યાં સદા આદર થતો અને એ સૌનો લાભ પ્રજાને પણ મળતો. તેઓ પોતે 'પાણી કળા' પણ જાણતા હતા. જમીન જોઈને કયાં કેટલે ઊંડે કેટલું પાણી હશે એ કહી શકતા. એમના ખેડૂતો માટે એમની આ શકિત આશીર્વાદરૂપ બની રહેલી

આ મહામાનવનું ઈ.સ. ૧૯૫૪ માં અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**'રખેવાળ' દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

ISO 9001 : 2015 CERTIFIED
॥ રોકાણકારોની શ્રદ્ધા અતૂટ.... અમે વિશ્વાસનું પ્રતિક ॥
ઇન્વેસ્ટમેન્ટ પોઇન્ટ
www.Investmentpoint.in
Stock Market Trading Consultancy
નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808
hellonikhilbhatt@gmail.com

### તા. ૧૨.૦૩.૨૦૧૮ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે....

**નિફ્ટી ફ્યુચર ૧૦૩૦૩ પોઈન્ટ મહત્વની સપાટી ....!!!**
**તા.૦૯.૦૩.૨૦૧૮ ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૧૦૨૧૮ પોઈન્ટ :-**
**આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૧૦૨૭૨ પોઈન્ટના પ્રથમ અને ૧૦૩૦૩ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૧૦૧૯૭ પોઈન્ટ થી ૧૦૧૮૮ પોઈન્ટ, ૧૦૧૭૩ પોઈન્ટની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૧૦૩૦૩ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**
**તા. ૦૯.૦૩.૨૦૧૮ ના રોજ બેન્ક નિફ્ટી ફ્યુચર બંધ ભાવ જ ૨૪૩૧૫ પોઈન્ટ :-**
**આગામી સંભવિત બેન્ક નિફ્ટી ફ્યુચર ૨૪૧૨૪ પોઈન્ટના પ્રથમ અને ૨૪૦૨૪ પોઈન્ટના અતિ મહત્વના સ્ટ્રોંગ સ્ટોપલોસે ટ્રેડીંગ સંદર્ભે ૨૪૪૦૪ પોઈન્ટ થી ૨૪૪૪૦ પોઈન્ટ, ૨૪૪૭૪ પોઈન્ટ ની અતિ મહત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. ૨૪૪૭૪ પોઈન્ટ આસપાસ સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી....!!!**

### હવે જોઈએ અંગત અભિપ્રાયરૂપી ફ્યુચર સ્ટોક.....

**અજંતા ફાર્મા (૧૩૨૪) :- ફાર્મા ગ્રુપ ની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૩૦૩ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૨૯૦ ના સ્ટોપલોસથી ખરીદવાલાયક આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૩૪૭ થી રૂ.૧૩૫૦ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે....!! રૂ.૧૩૫૭ ઉપર તેજી તરફી ધ્યાન...!!!**

**ટાઈટન લિમિટેડ (૮૨૧) :- ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૮૦૮ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ..!!! રૂ.૭૯૬ ના સપોર્ટથી ખરીદવાલાયક આ સ્ટોક રૂ.૮૩૮ થી રૂ.૮૪૮ નો ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!!**

**ભારતી એરટેલ (૪૦૪) :- રૂ.૩૮૬ નો પ્રથમ તેમજ રૂ.૩૭૩ ના બીજા સપોર્ટથી ટેલિકોમ સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૪૧૭ થી રૂ.૪૨૪ સુધીની તેજી તરફી રુખ નોધાવશે....!!!**

**તાતા ગ્લોબલ (૨૬૯) :- બેવરેજીસ સેક્ટર નો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૨૭૭ થી રૂ.૨૮૨ ના ભાવની સંભાવના ધરાવે છે.!! અંદાજીત રૂ.૨૫૭ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**જીન્દાલ સ્ટીલ (૨૨૩) :- રૂ.૦૧ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૨૧૩ ના સ્ટોપલોસ આસપાસ ખરીદવાલાયક સ્ટીલ સેક્ટર ના આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૨૩૨ થી રૂ.૨૪૦ આસપાસ નફાલક્ષી ધ્યાન ઉત્તમ....!!!**

**ગેઈલ ઈન્ડિયા (૪૩૭) :- ટેકનીકલ ચાર્ટ મુજબ ઇલેક્ટ્રિક સેક્ટર નો આ સ્ટોક રૂ.૪૬૦ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૪૧૭ થી રૂ.૪૦૪ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૪૭૪ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**ICICI બેન્ક (૨૯૪) :- રૂ.૩૦૯ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૩૧૯ ના સ્ટોપલોસે વેચવાલાયક....!! તબક્કાવાર રૂ.૨૮૮ થી રૂ.૨૮૦ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!! રૂ.૩૨૩ ઉપર તેજી તરફી ધ્યાને લેશો....!!!**

**સ્ટેટ બેન્ક (૨૫૩) :- બેન્કિંગ સેક્ટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂ.૨૬૭ ના સ્ટોપલોસથી વેચાણલાયક...!! પ્રત્યાઘાતી ઘટાડે રૂ.૨૪૭ થી રૂ.૨૪૦ ના ભાવની સપાટી આસપાસ નફો બુક કરવો....!!!**

**DLF લિમિટેડ (૨૧૩) :- ટેકનીકલ ચાર્ટ મુજબ આ સ્ટોક રૂ.૨૨૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂ.૨૦૩ થી રૂ.૧૯૬ ના ટાર્ગેટ ભાવની શક્યતા ધરાવે છે. ટ્રેડીંગલક્ષી રૂ.૨૩૪ નો સ્ટોપલોસ ધ્યાને લેવો....!!!**

**સ્જીહ્લઝ લિમિટેડ (૧૨૦) :- રૂ. ૧૩૩ આસપાસ ઓવરબોટ પોઝીશન નોંધાવતા આ સ્ટોક રૂ.૧૨૮ ના સ્ટોપલોસે વેચવાલાયક ફર્ટિલાઈઝર સેક્ટરનો આ સ્ટોક તબક્કાવાર રૂ. ૧૦૯ થી રૂ.૧૦૩ નો ભાવ દર્શાવે તેવી સંભાવના છે....!!! રૂ.૧૪૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!**

ખાસ નોંધ : - ડિસ્કલેમર / પોલીસી / શરતો WWW.INVESTMENTPOINT.IN ને આધીન...!!!
તબક્કાવાર નફો બુક કરે એ શાણો રોકાણકાર...!!!

## ધાનેરાની સંકલ્પ સ્કુલ ઓફ સાયન્સનો શુભેચ્છા સમારોહ


એન.કે.મોદી

તા.પ્રતિ. ધાનેરા

ધાનેરા મુકામે સંકલ્પ સ્કુલ ઓફ સાયન્સનો ધો-૧૨ નો શુભેચ્છા સમારોહ યોજાયો. જેમાં ડૉ.ડી.સી. ખંડેલવાલ (પ્રમુખ, વિનાયક એજ્યુકેશન ટ્રસ્ટ), સેનજીભાઈ સોલંકી (આચાર્ય ડી.બી. પારેખ હાઈસ્કુલ), જયંતિભાઈ ચૌધરી (આચાર્ય થાવર હાઈસ્કુલ), ધનજીભાઈ (પ્રમુખ સરસ્વતી કન્યા છાત્રાલય), રાકેશભાઈ ઈ.મોદી (સી.આર.સી. ધાનેરા) તથા સંકલ્પ સ્કુલના આચાર્ય દિલીપભાઈ આર. દરજી તેમજ શાળા સ્ટાફ ધો.૧૧-૧૨ સાયન્સના વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી. આમંત્રિત મહેમાનો દ્વારા શાળાના બાળકોને પરીક્ષા માટે તેમજ ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## ગઢમાં નિર્દોષ પાટીદારો ઉપર થયેલા કેસો પરત ખેંચવા નાયબ મુખ્યમંત્રીને રજૂઆત કરાઈ

**ગઢ જિલ્લા પંચાયતના ભાજપના મહિલા ડેલીગેટ કમુબેન અંબાણીએ કરી રૂબરૂ રજૂઆત**


દિનેશ રાણા

(પ્રતિ.) ગઢ

પાલનપુર તાલુકાના ગઢ જિલ્લા પંચાયતની બેઠક ઉપર ભાજપના ચુંટાયેલાં જાગૃત મહિલા સદસ્ય કમુબેન દિપકભાઈ અંબાણ એ પોતાના વિસ્તારમાં વિકાસ કારવાની દ્રઢ મનોબળ સાથે મતદારોને અપાયેલ વચન પ્રમાણે ગઢમાં જે પાટીદારો ઉપર અનામત આંદોલન સમયે નિર્દોશ પાટીદારો ઉપર ખોટાં કેસો પાશા ખેંચવાની સરતે પાટીદારો ભાજપ સાથે રહ્યાં હતાં. જે ચુંટણીમાં ભાજપના વિજેતા ઉમેદવાર ચુંટણી જીત્યા બાદ કમુબેન દીપકભાઈ અંબાણીએ મંગળવારે પાટીદારો નાં પ્રતિનિધિ મંડળ સાથે નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલને રૂબરૂ મળીને રજુઆત કરી હતી. આ પ્રસંગે જિલ્લા ભાજપના ઉપપ્રમુખ ખુશાલભાઈ અંબાણી સહિત અગ્રણીઓ ઊપસ્થિત રહ્યાં હતાં.

## ઝેરડાનું ગૌરવ


અનિલ શાહ

પ્રતિ. ઝેરડા

શિક્ષણ વિભાગ-ગુજરાત રાજ્ય, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાલનપુર શાળા સ્વચ્છતા એવોર્ડ ૨૦૧૭-૧૮ બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાની ઝેરડા પે.કેન્દ્રની કેદારનગર પ્રા.શાળાનો તાલુકા કક્ષાએ પ્રથમ નંબર પ્રાપ્ત થયેલ છે. ઝેરડા સી.આર.સી. પ્રકાશભાઈ દવેના માર્ગદર્શન હેઠળ શાળાના આચાર્ય મનિષાબેન પટેલ તેમજ શાળાના સ્ટાફ મિત્રોની સુંદર મહેનતના કારણે આ એવોર્ડ પ્રાપ્ત થયેલ છે. જે બદલ ઝેરડા પે.કેન્દ્રના આચાર્ય વિજયભાઈ પરમાર અને સી.આર.સી. કો.ઓડીનેટર પ્રકાશભાઈ દવે કેદારનગર શાળા પરિવારને ઝેરડાનું ગોરવ વધારવા બદલ બિરદાવ્યા હતા.

## શુભ લગ્ન

- ડીસા નિવાસી મદનલાલ નારુમલજી માળીનું સુપુત્રી ચિ. અર્ચનાના શુભલગ્ન જોધપુર નિવાસી ફરસારામજી પવારના સુપુત્ર ચિ. સંતોષકુમારજી સાથે તથા સુપુત્ર દિલીપકુમારના શુભલગ્ન જોધપુર નિવાસી નાઉમલજી પવારની સુપુત્રી ચિ. સપનાકુમારી સાથે તેમજ સુપુત્ર ચિ. અનિલકુમારના શુભ લગ્ન ડીસા નિવાસી નરસિંગજી એમ. પઢિયારની સુપુત્રી ચિ. લીલાવતી સાથે તા. ૨૦/૨/૨૦૧૮ ના રોજ ધામધુમથી યોજાઈ ગયાં.
- અમદાવાદ નિવાસી અરવિંદભાઈ હિંમતલાલ મોરખીયાના સુપુત્ર ચિ. કૌશલના શુભલગ્ન વિજયકુમાર તારાચંદભાઈ વોહેરાની સુપુત્રી ચિ.મનાલી સાથે તા. ૪/૧૨/૨૦૧૭ ના રોજ યોજાઈ ગયાં .

## થરાદના મુખ્ય બજારમાં જ ગટરલાઇન ઉભરાતાં રાહદારીઓ ત્રાહિમામ


(વિષ્ણુ દવે)

(પ્રતિ.) થરાદ

થરાદ નગરના વિસ્તારોમાં તાજેતરમાં જ કરોડો રુપીયાના ખર્ચથી ભુગર્ભ ગટરલાઇન બનાવવામાં આવી ત્યારથી જ તેમાં આચરવામાં આવેલી ગેરરીતીઓની બદબુ હવે ઠેર ઠેર છાસવારે ઉભરાતા ગંદા પાણી સ્વરૂપે કામગીરીમાં થયેલી ગેરરીતીઓ સ્વરૂપે ફુટીને બહાર આવી રહી છે.શહેરના હાર્દસમા બળીયા હનુમાન વિસ્તારમાં જ બે દિવસથી સતત ઉભરાતી ગટરના કારણે તેમાંથી માથું ફાડી નાખે તેવી તીવ્ર વાસ આવેછે.આથી દુકાનદારો, ખરીદદારો અને રસ્તામાં અવરજવર કરતા રાહદારીઓ તથા લારી પર પેટીયું રળતા શ્રમજીવીઓને ભારે હાલાકી ઓનો સામનો કરવો પડી રહ્યો છે. નગરમાં છાસવારે ઉભરાતી આવી રીતે ગટરના કારણે મચ્છરની ઉત્પતિ તેમજ ભરાઇને પડ્યા રહેતા આવા ગંદા પાણીથી રોગચાળો ફેલાવવાની પણ પુરી દહેશત ઉઠવા પામી છે. આજુબાજુ રહેતા વેપારીઓ અને રાહદારી ઓને ભારે હાલાકીઓનો સામનો કરવો પડતો હોઇ તેમનામાં ભારે રોષની લાગણી ફેલાવા પામી છે.

વેપારીઓ અને રાહ દારીઓએ આ અંગે નગર પાલિકાનું ધ્યાન દોરવા છતાં પણ કોઇ જ પગલાં ભરવામાં નહી આવતા હોવાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો. નગરના હાર્દસમા ચોકમાં ગંદુ પાણી તળાવ સ્વરૂપે એકઠું થવા પામતાં નગરમાં આવતા જતા તમામ રાહદારીઓ તથા વાહનચાલકો અને આગળ જ રોજગારી રળતા નાના મોટા વેપારીઓ ભારે પરેશાની ભોગવવી પડી રહી છે.

## પિલુચા હાઈસ્કૂલ ખાતે ધો-૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓનો દિક્ષાંત સમારોહ યોજાયો



પ્રતિ. પિલુચા

વડગામના પિલુચા ખાતે તા.૮/૩/૨૦૧૮ ને ગુરૂવાર ના રોજ શ્રી શાહ.કે.એચ. હાઈસ્કૂલમાં ધો-૧૦ અને ધો-૧૨ ના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. જ્યારે દિક્ષાન્ત સમારોહની સાથે-સાથે શાળાના વર્ગવાર સિધ્ધિ પ્રાપ્ત કરનારા વિદ્યાર્થીઓ તેમજ સહ અભ્યાસિક પ્રવૃતિઓ અને રમત-ગમતમાં રાજ્ય અને નેશનલ કક્ષાએ પારીતોષિક થનારા વિદ્યાર્થીઓને શાળાના દાતા સ્વ.દલપતભાઈ કકલ ભાઈ શાહ પરિવાર તરફથી પ્રોત્સાહીત ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં. ચાલુ વર્ષે ધો-૧૦ ના વિદ્યાર્થીઓની સંખ્યા ૧૦૬ અને ધો-૧૨ ના ૬૭ વિદ્યાર્થીઓ નિયમિત પણે બોર્ડની પરીક્ષા આપશે.

આ પ્રસંગે શાળાના આચાર્ય એમ.એસ.મોઢ તેમજ ગુ.મા. શિક્ષણ બોર્ડના મેમ્બર એન.પી.ચૌધરી અને શાળાના સર્વ શિક્ષક સ્ટાફ દ્વારા ધો-૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓને જીવન ઉપયોગી બને તેવા પ્રેરણાદાયી પ્રસંગો થકી તણાવમુક્ત પરીક્ષા માટે માર્ગદર્શન આપ્યું હતું અને વિદાય લઈ રહેલા વિદ્યાર્થીઓને મોં મીઠું કરાવીને સારૂ પરિણામ મેળવે અને સારી કારકીર્દી બનાવવા વિદાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. જ્યારે શાળાની વિદ્યાર્થીઓની દ્વારા અંતે વિદાયગીત રજૂ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના સંનિષ્ઠ શિક્ષક જી.પી.વણસોલાએ કર્યું હતું.

## મહિલા દિને મહિલાઓનું રૌદ્રરૂપ જોઇને અધિકારીઓ કાર્યક્રમ છોડી ભાગ્યા

પાલનપુર

પાલનપુરમાં બેટી બચાવો બેટી વધાવોના સરકારી કાર્યક્રમમાં હોબાળો મચતાં અધિકારીઓએ કાર્યક્રમને અધવચ્ચે અટકાવ્યો હતો. જિલ્લા પંચાયતના બગીચા માંથી અધિકારીઓએ મહિલાઓને રવાના કરતાં હોબાળો મચ્યો હતો. આશા વર્કર પ્રમુખ ચંદ્રિકાબને વિરોધ કરીને દેખાવ કર્યા હતા. આશા કાર્યકરો લધુત્તમ વેતનની માગ કરી છે.

આશા વર્કર બહેનોનો રોષ જોઈને અધિકારી કાર્યક્રમ સ્થળ છોડીને ભાગી ગયા હતા. મહિલાઓએ સરકાર વિરુદ્ધ નારા લગાવીને હોબાળો મચાવ્યો હતો. તો કલેક્ટરને આવેદન પત્ર આપવા જતી આશા વર્કરોને પોલીસે અટકાવ્યા હતા.



ચાલુ વર્ષે ઓછા વરસાદને કારણે નર્મદા બંધમા પાણીની આવક ઓછી થઈ હોવાની બૂમ ઉઠી છે. તેને કારણે નર્મદા મૈયાના પાણીમાં ડૂબી ગયેલુ હાફેશ્વર મહાદેનું મંદિર પણ બહાર દેખાવામાં લાગ્યુ છે.

**ધાનેરામાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે**

## જન્મ થયેલી બાળકીઓને ચાંદીના સિક્કાથી વધાવવામાં આવી


એન.કે.મોદી

તા.પ્રતિ. ધાનેરા

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ છે ત્યારે ગુજરાત સરકાર દ્વારા આજે જન્મ થયેલી દીકરીઓને "નહી પરી અવતરણ " યોજના દ્વારા ૫ ગ્રામ ચાંદીનો સિક્કો અર્પણ કરવામાં આવે છે.

જેમાં આજે ધાનેરા ભારતીય જનતા પાર્ટીના ધાનેરા તાલુકા પ્રભારી નિર્મલપુરીજી, ધાનેરા શહેર ભાજપ પ્રમુખ કાંતિભાઈ ત્રિવેદી, ધાનેરા શહેર મહામંત્રી જે.બી.રાજપૂત, ધાનેરા શહેર યુવા ભાજપ મહામંત્રી નિયંત ગોસ્વામી તેમજ ભાજપ મહિલા મોરચાના જિલ્લા મહામંત્રી ઇન્દુબેન જોશી સહિત મહિલા મોરચાની બહેનો સાથે કાર્યકરો દ્વારા શહેરની હોસ્પિટલોમાં આજે જન્મ લીધેલી બાળકીઓને ચાંદીનો સિક્કો તેમજ ગુલાબનું અર્પણ કરવામાં કરવામાં આવ્યું હતું સાથે બાળકી માટે કપડાં અને પ્રસૂતા માટે આહાર કીટ પણ અર્પણ કરવામાં આવી હતી જે બાદ ધાનેરામાં સ્ત્રીઓની પ્રસુતિ સમયે પોતાની કોઠાસુજથી મદદરૂપ થઇ સેવા કાર્ય કરનારા ૯૫ વર્ષના વૃદ્ધ નવુબેન ગોસ્વામીને શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

## ડીસા થેરવાડાની નાલંદા વિદ્યાલયમાં દિક્ષાંત સમારંભ યોજાયો

ડીસા

નાલંદા વિદ્યાલય થેરવાડા ખાતે આજરોજ જજનો પંદરમો અને H.S.C. ધોરણ ૧૨ નો ૧૦ મી બેચનો દિક્ષાત સમારંભ યોજાઈ ગયો કાયૅક્રમ મા મુખ્ય મહેમાન તરીકે કોટડા હાઈસ્કૂલના પિન્સીપાલ સુતરીયા તથા ઝેરડા હાઈસ્કૂલમાંથી દેવડા પધારેલ હતા. સાથે થેરવાડાના શાળા ટ્રસ્ટીશ્રીઓ પણ હાજર રયા હતા કાર્યક્રમની શુભ શરૂઆત પ્રાર્થનાને સ્વાગત ગીતથી થઈ હતી. વિધાથીઓએ પોતાના સંસ્મરણો વાગોળ્યા હતો. શાળા શિક્ષક રમેશભાઈ દવે વિધાથીઓને ધ્યેય પુરૂષાર્થ સફળતા વિશેષ વિગતે સમજાવ્યું હતુ. ત્યારબાદ શાળાના આચાર્ય ભરતભાઈએ શાળાની સ્થાપનાથી આજ દિન સુધીની સફરને કંડારી હતી. મુખ્ય મહેમાન હિમાંશુ ભાઈ સુતરીયા સાહેબે સફળતાના શિખરો સરે કરનાર વ્યક્તિઓને ઉ.દા. આપી વિધાથીઓ ઉત્સાહનો વધાર્યો હતો. જયારે નરેન્દ્રસિંહએ દુહા ગઝલ દ્વારા વિદ્યાર્થીઓની આંખોમાંથી આસું લાવી દીધા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ચેતનભાઈ પટેલ કયું હતુ અને સોનલબેને વિદાય સંમારંભ ગીત રજુ કયુ કાર્યક્રમની આભારવિધી વિનોદભાઈ કરી હતી.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શાળા પરીવારે ભારે જહેમત ઉઠાવી હતી.

## નેશનલ હાઈવે નંબર ૮ ઉપર પાનોલી એસ્ટેટનું બસસ્ટેન્ડ બનાવવા માટે જમીન ફાળવવામાં જીઆઈડીસીની બહાનાબાજી

અંકલેશ્વર

પાનોલી એસ્ટેટમાં નેશનલ હાઈવે નંબર ૮ ઉપરથી પસાર થતી ગુજરાત સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસો ઉભી રહેવા માટે જરૂરી બસસ્ટેન્ડ બનાવવા માટે જીઆઈડીસી જમીન હોવા છતાં એનકેન પ્રકારે જમીન આપવામાં સમય પસાર કરી રહ્યા છે. જેને લઈને કર્મચારીઓ અને લોકો સુવિધાથી વંચિત થઈ રહ્યા છે.

ભરૂચ જિલ્લાના અંકલેશ્વર તાલુકામાં નેશનલ હાઈવે નંબર ૮ ઉપર આવેલ પાનોલી એસ્ટેટ ૩૦ વર્ષથી કાર્યરત છે. તેમાં ૪૦૦ જેટલી કંપનીઓ આવેલી છે. તેમાં આશરે ૧૦,૦૦૦ ઉપરાંત કર્મચારીઓ કાર્ય કરી રહ્યાં છે. આ ઉપરાંત ધંધા અર્થે પણ અનેક ઉદ્યોગપતિઓ અને સપ્લાયરો દરરોજ આવનજાવન કરતા હોય છે.

સામાન્ય રીતે સુરત બાજુથી આવનાર વ્યક્તિને રસ્તામાં પાનોલી એસ્ટેટ આવતું હોવા છતાં તેને અંકલેશ્વર બસસ્ટેન્ડમાં ઉતરીને તયાંથી ફરી પાછું લોકલ વાહનમાં બેસીને પાનોલી જવું પડે છે. આ રીતે સમય અને નાણાંનો બગાડ થાય છે.

આવી જ રીતે ભરૂચ બાજુથી સુરત તરફ જતી બસમાં આવનાર વ્યક્તિને પાનોલી જવું હોય તો તેને અંકલેશ્વર ઉતરી જવું પડે છે. ત્યારબાદ બસમાં લોકલ વાહનમાં બેસીને પાનોલી જવું પડે છે. વાસ્તવમાં તે બસ પાનોલી જતી જ હોય છે. આ રીતે સગવડ ઉભી થાય તેમ હોવા છતાં અગવડનો સામનો કરવો પડે છે. જે નિવારી શકાય તેમ હોય છે.

પાનોલી ઈન્ડસ્ટ્રીઝ એસોસી એશનના પ્રમુખ બી.એસ.પટેલે જણાવ્યું હતું કે પાનોલી એસ્ટેટને બસસ્ટોપ મળે તે માટે પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે. ઓવરબ્રીજની બાજુમાં જે જગ્યા છે ત્યાં બસસ્ટેન્ડ બનાવવાનું આયોજન છે. આ માટે જીઆઈડીસી પાસે જગ્યા માગવામાં આવી છે. જગ્યા છે અને આપી શકાય તેમ પણ છે. છતાં જીઆઈડીસી દ્વારા વાતને ટાળવાનો પ્રયાસ થાય છે. અધિકારીઓ આવે છે અને સર્વે કરે છે. રાબેતા મુજબ અધિકારી બદલાતા ફરીથી સર્વે થાય છે. આ રીતે વાત ટાળવામાં આવે છે.

જયારે બીજી બાજું ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન દ્વારા બધા જ પ્રકારના સહકારની ખાત્રી આપવામાં આવી છે. તેમને જણાવ્યું હતું કે સુરતથી આવતી અને જતી બધી જ બસો ઉભી રહે તેમજ તેની નોંધણી પણ થાય તે માટે પૂર્ણ સમયના કર્મચારી પણ રહે તેવી સુવિધા ઉભી કરવાની તૈયારી બતાવી છે.

વાસ્તવમાં જીઆઈડીસીએ ઉદ્યોગોને મદદરૂપ થાય તેવું ઈન્ફ્રાસ્ટ્રકચર ઉભુ કરવાની જવાબદારી છે. આમ છતાં જીઆઈડીસી દ્વારા હકારાત્મક વલણ કેમ નથી અપનાવાતું.

જીઆઈડીસી હવે જે જગ્યા આપવાની છે. તેમાં ઉપરથી જીઈબીના વાયર પસાર થતા હોવાનું જણાવી રહી છે. પરંતુ તે પ્રશ્ન જીઈબી સાથે બેસીને નિવારી શકાય તેમ છે. તે જીઆઈડીસીનો પ્રશ્ન નથી.

આથી પાનોલી એસ્ટેટને જીઆઈડીસી દ્વારા જલ્દીથી જલ્દી બસસ્ટેન્ડ માગે જગ્યા ફાળવવામાં આવે તેવી સમયની માંગ છે. અંકલેશ્વર એસ્ટેટ અને પાનોલી એસ્ટેટના વિકાસમાં જે પાયાનો ફેર છે તે ટ્રાન્સપોર્ટેશનની સુવિધાનો છે. આ ફરકને નાબુદ કરવામાં આવે તો પાનોલી એસ્ટેટમાં પણ વિકાસની વિશાળ તકો સમાયેલી છે.

# તંત્રી સ્થાનેથી ...

## રાજાને તેના પ્રજાના પાપના ફળ ભોગવવા પડે છે.

## નોટબંધી વખતે થયેલા રોકડ વ્યવહારની ઉચ્ચ સ્તરે ચાલતી તપાસ

રાજ્યમાં કરચોરોને કાયદાનું ભાન કરાવવા આયકર વિભાગના અધિકારીઓ દ્વારા જે કાર્યવાહી કરવામાં આવી છે. તે ખરેખર બિરદાવવાને લાયક ગણી શકાય. લાખો કરોડોનો ધંધો કરવો અને કરચોરી કરવી તે કેવી રીતે બની શકે. નિયમ અનુસાર જે તે કર ભરવો પડે તેમાં કોઈની દલીલ ચાલી શકે નહિં. તાજેતરમાં સત્યમ ડેવલપર્સ, સાંધાણી ઈન્ફ્રા સ્ટ્રક્ચર ઈન્ડિયા પ્રા.લી. તથા શાલીગ્રામ બિલ્ડર્સ ગૃપ ઉપર ત્રાટકેલા આયકર વિભાગના અધિકારીઓને તેમના ફોરેન એકાઉન્ટ્સની વિગતો પણ મળી છે જેને લઈને તેમણે વિદેશમાં ટ્રાન્સફર કરેલા રૂપિયાની તપાસ પણ આયકર વિભાગના અધિકારીઓ ચલાવી રહ્યા હોવાનું બહાર આવ્યું છે. જો કે રાજ્યમાં કેટલાક મસમોટા ધંધાર્થીઓ એવું માની બેઠા છે કે આયકર વિભાગ શું કરી લેશે? પરંતુ તેમની મોટી ભૂલ છે. અધિકારીઓ ક્યારે કોને જેલના સળીયા પાછળ ધકેલી દેશે તે નક્કી નથી.

જે બિલ્ડરો અધિકારીઓની ઝપટે ચડ્યાં છે. તેઓને કરોડો રૂપિયાના ફાઈનાન્સ કરી રહેલા ફાયનાન્સરો પણ આયકર વિભાગના હિટ લીસ્ટમાં આવી ચુક્યા છે. જો કે તેઓને જેલ હવાલે કરાશે કે કેમ તે નક્કી નથી. અમદાવાદ મહાનગરના અન્ય ફાઈનાન્સરો પણ ડિપાર્ટમેન્ટના રડારમાં હોવાનું જાણી શકાયું છે.

અધિકારીઓની ઝપટે ચડી ગયેલા બિલ્ડર ગૃપ સાથે જોડાયેલા લોકોએ ડમી કંપનીઓ બનાવીને તેમાં કરોડો રૂપિયા ટ્રાન્સફર કર્યા હોવાની વિગતો પણ સામે આવી છે. તપાસમાં જે ડિઝીટલ ડેટા અને દસ્તાવેજો તથા વિવિધ એન્ટ્રીઓ પણ મળી છે, જેના પૃથ્થકણ બાદ કરચોરીના આંકડા અધધધ કહી શકાય. એટલે જાણીતા બિલ્ડર અને રિયલ એસ્ટેટના વ્યવસાય સાથે સંકળાયેલા ત્રણ ગૃપની ૪૨ પ્રમાઈસીસ છેલ્લા ૪૮ કલાકથી સર્ચ ચાલી રહ્યું હોવાનું પણ બહાર આવ્યું છે અને જુદા જુદા નામે પ્રોજેક્ટ કરતા આ ત્રણેય ગૃપ એક જ માલિકીના હોવાનું પણ પ્રકાશમાં આવ્યું છે.

રાજ્યમાં કાળુ નાણું ઠેકાણે પાડવા માટે કંપની પોતાના મળતીયાઓ મારફતે ડમી કંપનીઓ બનાવી તેમાં કરોડો રૂપિયા ટ્રાન્સફર કરી દીધા હોવાનું બહાર આવ્યું છે. ઈનકમ ટેક્સના અધિકારીઓને તપાસ દરમ્યાન બીજી ઘણી બધી વિગતો પ્રાપ્ત થઈ છે. તે અંગેનું સર્ચ શરૂ થઈ ચુક્યું છે. ત્યારે જે તે ફાઈનાન્સરો આટલા મોટા પ્રમાણમાં કાળુ નાણું લાવ્યા ક્યાથી તેની તપાસ થનાર છે. નોટબંધી વખતે જે સુષુપ્ત ખાતાઓમાં લાખો રૂપિયા જમા થવા માંડ્યા હતા. તે ખાતાઓમાંથી રૂપિયાના ટ્રાન્જેક્શન પણ શરૂ થઈ ગયા હતા અને તેવા ખાતાઓ પર આયકર વિભાગની અગાઉથી વોચ તો હતી જ, ત્યારે હવે આવા ખાતેદારો પર અધિકારીઓ ક્યારે ત્રાટકશે તે નક્કી નથી. પરંતુ કાયદાનું સરેઆમ ઉલ્લંઘન કરનારને સરકાર છોડશે નહિં તે વાત ચોક્કસ છે. ભારતીય બિલ્ડરોના વિદેશમાં કેટલા એકાઉન્ટસ છે. તેની ઉચ્ચ સ્તરે તપાસ ચાલી રહી છે. દરમ્યાન જે એન્ટ્રી પ્રોવાઈડરો જે બિલ્ડરો માટે કામ કરી રહ્યા છે તે તમામની વિગતો અધિકારીઓ મેળવી રહ્યા છે. એટલે હવે એન્ટ્રી પ્રોવાઈડરો પણ કાયદાના સકંજામાં આવી જશે.

## પરીક્ષા માર્ગદર્શન



વિદ્યાર્થી ભાઇ બહેનોને નોંધવાનું કે તમે આખુ વર્ષ અભ્યાસમાં ઘણી જ મહેનત કરી છે. હવેના ટૂંકા ગાળામાં તેનું પુનરાવર્તન કરે લેવું જોઇએ. ખાસ પ્રશ્નો પાછલા પેપરોના આધારે જોવા જોઇએ. પરીક્ષાથી ડરવાની નહી પણ આત્મ શક્તિથી તેને પાસ કરવાની ક્ષમતાનો ઉપયોગ કરવાનો હોય છે. પરીક્ષા દરમ્યાન પરિણામના અનુમાનથી મનોકલ્પિત ડર ઉભો ન કરવો જોઇએ. વાલીઓએ પણ તેમ કરવું જોઇએ.

બાળકો પાસે વાલીઓની અપેક્ષાઓ ખૂબજ ઉંચી હોય છે. તો તેને લક્ષ્યમાં લઇ બાળકો તણાવ અનુભવતા રહે, ટ્રેસમાં રહે તે ગેરવ્યાજબી છે. વાલીઓએ આ બાબતે વિચારવું જોઇએ. બાળકોએ તેમની માનસિક ક્ષમતાને કામે લગાડી સફળતા સિદ્ધ કરવાની છે. પરીક્ષામાં પ્રશ્નો અભ્યાસક્રમમાંથી જ આવતા હોય છે. તેને લઇને ડર રાખવાની જરૂર નથી. .ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા શરૂ થવાને એક

અઠવાડીયાનો સમય રહ્યો છે અને વિદ્યાર્થીઓ વર્ષ દરમ્યાન શાળા, ક્લાસમાં ચાલેલા અભ્યાસક્રમ રિવિઝનને આખરી ઓપ આપી રહ્યા છે. આ રિવિઝન તૈયારી એકાગ્ર મને કરો, મનને અન્ય વિચારોમાં ભટકવા ન દેતા કરેલ વાંચન સરળતા અને સહજતાથી રટણની જેમ યાદ રહેવા લાગશે. યાદ રહેતું નથી તેવા વિચારોને આ છેલ્લી ઘડીઓમાં મનમાંથી બીલકુલ કાઢીને હકારાત્મક બનીને વાંચન તૈયારી કરવાકે, મનમાંથી યાદ નથી રહેતુ તે શબ્દને યાદ ન રાખો. વારંવાર વાંચન, મનન, ચિંતન કરો.ફક્ત આંખોથી અક્ષરો ન વાંચો એકાગ્ર ચિત્તેવાંચો જરૂરથી યાદ થઇ જશે. નિંબધ, એપ્લીકેશન જેવા વધારે ગુણભાર ધરાવતા પ્રશ્નોના ઉત્તર લખવાની પ્રેકટીસ કરી લો. પાઠ્યપુસ્તકના મોટા પ્રશ્નોઆત્મસાત કરવા.વ્યાકરણમાં થતી નાની ભૂલો પ્રત્યે કાળજી રાખો. બોર્ડના અગાઉના પ્રશ્નપત્રોમાંથી વ્યાકરણની પ્રકટીસ કરી લો. લખાણમાં સ્પેલિંગની ભૂલો ન થવા દો.જરૂરથી સારા ગુણ આવશે.

પહેલા પાઠ્યપુસ્તકના એકપણ એમસીક્યુવાંચનમાં બાકી ન રહી જાય તે દેખી લો.કેટલાક ટ્વીસ્ટ કરીને એમસીક્યુ પરીક્ષામાં પૂછતા હોય તો ઝીણવટપૂવર્ક વાંચન કરેલુ હશે તો ચાર વિકલ્પોમાંથી સારો શોધી લેવામાં ઉપયોગી બની શકશે.ટ્વીસ્ટ જેવા લાગતા એમસીક્યુ થોડા ફેરફાર સાથે પૂછાઇ શકે તેવા હોય અને યાદ રાખવા વાંચનમાં ફીગર ટેકનીકનો (આંગણી રાખીને) ઉપયોગ પણ કરી શકાય

**આચાર્ય રાજગોપાલ મહારાજા કાંસા**

## આર્થિક આયોજન કેવી રીતે કરશો ?

કમાણી-બચત-મૂડીરોકાણ લક્ષ્યાંકો પહેલા નક્કી કરો પછી જ ખર્ચ કરો.

માત્ર વાંચો નહિ, અમલ પણ કરો.

ક્રાઈસિસ મેનેજમેન્ટ ફંડ તૈયાર છે.

મુશ્કેલ સમયમાં પણ તક છૂપાયેલી છે.

કમાણી, રોકાણ, ઈવન ખર્ચમાં સલામતી રાખો.

ઈચ્છા અને જરૂરિયાત વચ્ચેની ભેદરેખા પારખો.

આખી જિંદગી માત્ર કમાણી, બચત, મૂડીરોકાણ અને સંગ્રહ જ નહી, વાપરી પણ જાણો.

સસલાની ચાલ અને કાચબાની ધગશ મેળવો

રિસ્ક ટેકિંગ કેપેસિટી જોઈને રિટર્ન નક્કી કરો.

કમાણી-રોકાણ કે કમાણી-ખર્ચનું અંતર જાળવો

કમાણીને ધ્યાનમાં રાખીને જ આયોજન કરો.

**સુરેશભાઈ સી.પટેલ મુ.પાટણ**

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

## મોટાપાથી ૮૩ ટકા વધી જાય છે ક્રૉનિક કિડની ડિસીઝનો ખતરો : શું અમદાવાદની મહિલાઓમાં વધી રહ્યો છે ખતરો

અમદાવાદ

છેલ્લા ૧૦-૧૫ વર્ષ દરમ્યાન, કિડની ફેલિયરના કેસોની સંખ્યા દેશમાં બમણી થઈ ગઈ છે. કિડની ફેલિયર ક્રૉનિક કિડની ડિસીઝ (સીકેડી)નો એક એડવાન્સ્ડ સ્ટેજ છે. સંબંધિત પરિબળો જેવા કે ડાયબિટીઝ, કાર્ડિયોવસ્કુલર ડિસીઝ અને હાઈપરટેન્શન જેવી સમસ્યાઓ વધવાથી ક્રૉનિક કિડની ડિસીઝનો પ્રસાર પણ ઝડપથી વધી રહ્યો છે. એવામાં આ બીમારી દેશના સ્વાસ્થ્ય સિસ્ટમ પર ઊંડી અસર વધારી રહી છે. મોટાપાનો ડાયબિટીઝ, કાર્ડિયોવસ્કુલર ડિસીઝ અને હાઈપરટેન્શનથી ગાઢ સંબંધ છે, અને આ બધા કારણો ક્રૉનિક કિડની ડિસીઝને વધારે છે, આ વાત સૌ કોઈ જાણે છે. હવે મોટાપાનો સંબંધ ઈંફ્લેમેશન વધવા, બ્લડ પ્રેશર માટે હાર્મોનલ સેન્સિટીવિટી વધવા અને મેટાબોલિક અસામાન્યતાથી પણ સાબિત થઈ ચૂક્યો છે, અને આ સૌની સીધી અસર કિડની પર પડે છે. આ જાણવું ખૂબ જરી છે કે અમદાવાદની શહેરી મહિલાઓમાંથી ૩૪ ટકાનું વજન સામાન્યથી વધુ છે અથવા તે મોટાપાની ઝપેટમાં છે આનો અર્થ છે કે અહીંની હજારો મહિલાઓને ભવિષ્યમાં સીકેડી થવાનો ખતરો છે. આ સમસ્યા ઘણી મોટી એ માટે છે કેમકે મોટાપો મેનેજ થઈ શકે પરંતુ સીકેડી માટે કોઈ પણ ઈલાજ ઉપલબ્ધ નથી. આ બીમારી નિરંતર વધતી રહે છે અને ધીરે ધીરે કિડની ફેલિયર થઈ જાય છે. આ વાત સામાન્ય છે કે મોટાપો ડાયબિટીઝ, કાર્ડિયોવસ્કુલર ડિસીઝ અને હાઈપરટેન્શનની સમસ્યાને વધારે છે, પરંતુ નવા રિસર્ચ આ પણ બતાવી રહ્યા છે કે આ સમસ્યાઓને કારણે સીકેડી થવાનો ખતરો પણ વધી જાય છે. મોટા લોકોને સીકેડી થવાનો ખતરો ૮૩ ટકા વધુ હોય છે અને મહિલાઓમાં સીકેડીના ૨૪.૮ અને પુરુષોમાં ૧૩.૮ કેસોનો સંબંધ મોટાપા સાથે છે.

કિડની સાથે જોડાયેલી બીમારીઓ વધુ ખતરનાક હોય છે, કેમકે આ ધીરે ધીરે અને ચૂપચાપ વિકસિત થાય છે. આમાં કોઈ સ્પષ્ટ લક્ષણ સામે નથી આવતા. આમાં વાસ્તવિક લક્ષણ ત્યારે સામે આવે છે જ્યારે સમસ્યા એડવાન્સ્ડ સ્ટેજમાં પહોંચી જાય છે. એવામાં ખૂબ જરૂરી છે કે કોઈ વ્યક્તિને આનાથી સંબંધ રાખનારી કોઈ સમસ્યા છે તો આને નિયમિત તપાસ જરૂર કરાવવી જોઈએ. હવે સમય આવી ગયો છે જ્યારે શહેરી મહિલાઓને આ બીમારી વિશે સતર્ક રહેવુ અને નિયમિત તપાસ કરાવવી જરૂરી છે. આની સાથે તેમણે સ્વસ્થ આહાર અને જીવનશૈલી પર ખાસ ધ્યાન આપવું જોઈએ.

## પોતાની સુવિધા અનુસાર કરો "ઓનલાઈન સર્જરી પ્લાન"



હવે તમે તમારી સુવિધા અને સૌથી સારી હોસ્પિટલની પસંદગી કરતાં સર્જરી કરાવી શકોછો. ઓનલાઈન પોર્ટલ 3Hcare. in અત્યાર સુધી ડાયગ્નોસ્ટિકના ક્ષેત્રમાં આ પ્રકારની સુવિધાઓ પૂરી પાડતાં હતાં અને હવે લોકોની મદદની તક વધારતાં આ લોકોની ઓનલાઈન સર્જરી કરવવાંનોલાભ પ્રદાન કરી રહ્યું છે.વેબસાઈટ પર ઉપલબ્ધ ક્વોટેશન સુવિધાઓ હોવાથી દર્દી સૌથી સારી હોસ્પિટલની પસંદગી કરી શકે છે. દિલ્હી-એનસીઆરમાંલગભગ દરેક પ્રમુખ અને પ્રસિદ્ધ હોસ્પિટલનો સમાવેશ કરતાં અમારું આ નવું મિશન લોકોની સવલતો માટે શરૂ કરવામાં આવ્યું છે. હવે દર્દીઓને પોતાની સર્જરી કરાવવા માટે તારીખની રાહ જોવાની પણ જરૂર નથી અને ના મૂલ્યની તુલના કરવાની કે સમયની ઉપલબ્ધતા માટે વિભિન્ન હોસ્પિટલોના ચક્કર લગાવવાની જરૂરત છે.

આ પોર્ટલમાં એ બધી જ જાણકારીનો સમાવેશ થાય છે જેની જરૂરત કોઈ દર્દીને સર્જરી કરાવતાં પહેલાંપડે છે. આમાં ઈલાજની અત્યાધુનિક ટેકનોલોજી પધ્ધતિઓ સમાવિષ્ટ છે જેને મિનિમલી ઈનવેસિવસર્જરી કહેવામાં આવે છે અને આવી સર્જરી એક દિવસમાંજ થઈ જાય છે. ઑન્કોલોજીકલ સાઈબરનાઈફ થેરાપી, ડીપ બ્રેન સ્ટિમુલેશન, ફર્ટિલિટી ટ્રિટમેન્ટ,ની-રિપ્લેસમેન્ટ અને અંગપ્રત્યારોપણ સર્જરી દેશની ગણતરીની હોસ્પિટલોમાંજ ઉપલબ્ધ છે. આ પગલાંની સૌથી સારી બાબત એ છે કે વિભિન્ન હોસ્પિટલોના ખર્ચની તુલનાથી દર્દી પોતાની ક્ષમતા અનુસાર સૌથી સારી હોસ્પિટલની પસંદગી કરી શકે છે. અમારી સાથે જોડાયેલ દરેક હોસ્પિટલ એનબીએચ કે જેસીઆઈ કે બન્નેથી માન્યતા પ્રાપ્ત છે.દરેક જાણકારી ઓનલાઈન ઉપલબ્ધ હોવાથી ના ફક્ત ભારતના દર્દીઓ પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરનાદર્દીઓને શ્રેષ્ઠ અને સસ્તા ઈલાજ વિકલ્પને પ્રાપ્ત કરવાની સુવિધા મળી જાય છે. ઓનલાઈન પે-મેન્ટનાવિકલ્પ મળવાથી કોઈ વિદેશી દર્દી માટે પણ પે-મેન્ટની સમસ્યા રહી જસે નહી અને આ પ્રકારે આ પોર્ટલ દ્વારા પરોક્ષ રૂપથી મેડિકલ ટુરિઝમને પ્રોત્સાહન મળી રહ્યું છે.

## વોડાફોન પ્લેએ પ્રાદેશિક સામગ્રી મજબૂત કરી;૩૦ જૂન સુધી ફ્રી સબસ્ક્રિપ્શનની મજા માણો

ભારતમાં વીડિયો ઓન ડિમાન્ડની લોકપ્રિયતા વધવાની સાથે વધુને વધુ ઉપભોક્તાઓ પ્રાદેશિક ભાષાઓમાં મનોરંજન મેળવવા આતુર છે. આ પ્રવાહને સમજીને વોડાફોન ઈન્ડિયાએ મનોરંજનની દુનિયાનાં ખજાનાં સમાન વોડાફોન પ્લે પર વિસ્તૃત પ્રાદેશિક કન્ટેન્ટ પ્રસ્તુત કરી છે.ગ્રાહકોને તેમનાં મનપસંદ ટીવી શો, ઈન્ફોટેઈન્મેન્ટ, લાઈવ ટીવી પોતાની માતૃભાષામાં જોવાનાં વિવિધ વિકલ્પો પણ મળે છે. આ સમૃદ્ધ અને ફક્ત એક ક્લિક પર ૨૪*૭ ઉપલબ્ધ મનોરંજનનાં ખજાનાંને વધારે સમૃદ્ધ કરવા વોડાફોન ૩૦મી જૂન, ૨૦૧૮ સુધી તેનાં સબસ્ક્રાઈબર્સ માટે વોડાફોન પ્લે પર ફ્રી વીડિયો સ્ટ્રીમિંગ ઓફર કરે છે.

વોડાફોન પ્લે વીડિયો સ્ટ્રીમિંગ મોબાઈલ એપ છે, જેમાં દર્શકો ૧૦૦૦થી વધારે ફિલ્મો, ૩૦૦થી વધારે લાઈવ ટીવી ચેનલ્સ, ૫૦થી વધારે આંતરરાષ્ટ્રીય પ્રીમિયમ ટીવી શો, ૧૬ ઓરિજિનલ મોબાઈલ વેબ સીરિઝ, સેંકડો સ્નેકિંગ શોર્ટ વીડિયો તેમજ ટ્રેન્ડિંગ વીડિયો અને મ્યુઝિક કન્ટેન્ટનો મોટો કેટાલોગ જોઈ શકે છે. આ શોનું પ્રસારણ અમેરિકામાં જે દિવસે થશે એ જ દિવસે જોવા મળશે.

## ક્રોમા પર્યાવરણને અનુકૂળ ઉનાળાને પ્રોત્સાહન આપશે!

મુંબઈ

ભારતની પ્રીમિયર ઓમ્ની-ચેનલ ઈલેક્ટ્રોનિક્સ રિટેલર ક્રોમાએ આજે આગામી એસી સિઝન માટે તેની યોજના જાહેર કરી હતી. તમામ અગ્રણી બ્રાન્ડ પર ઉદાર એક્સચેન્જ ઓફર, આકર્ષક ઈએમઆઈ વિકલ્પો તથા સામાન્ય એસી જેટલી ઓછી કિંમતે ઈન્વર્ટર એસીની એક્સક્લૂઝિવ રેન્જ સામેલ છે. એટલું જ નહીં ક્રોમા ગ્રાહક પાસેથી એક્સચેન્જમાં જે દરેક જૂનું એસી ખરીદશે તેનાં બદલામાં એક વૃક્ષનું રોપણ કરશે. ક્રોમા લાંબા ગાળાનાં ઈએમઆઈ વિકલ્પો પ્રદાન કરવા અગ્રણી નાણાકીય સંસ્થાઓ સાથે કામ કર્યું છે; જૂની એસીનાં જવાબદાર નિકાલ માટે માન્યતાપ્રાપ્ત વિક્રેતા સાથે અને પ્રથમ વખત એસી ખરીદ કરનારાં ગ્રાહકોને પ્રેરિત કરવા ઓઈએમ સાથે જોડાણ કર્યું છે.

સંપૂર્ણ સંચાર અભિયાનમાં croma.com પર "ઊર્જાની બચત કરતું કેલ્ક્યુલેટર" પણ સામેલ છે. એસીનાં કોઈ પણ યુઝર તેમનાં વર્તમાન એસી સામે બચતનું પ્રમાણ ચકાસી શકે છે.

## રોયલ એનફિલ્ડ દ્વારા ઠંડરબર્ડ-એક્સલોન્ચ

**શહેરી ખોજ કર્તાઓ માટે નવી કસ્ટમ- પ્રેરિત મોટરસાઈકલ**



મધ્યમ આકારની મોટરસાઈકલોમાં વૈશ્વિક આગેવાન રોયલ એનફિલ્ડે આજે નવી ફેક્ટરી- બિલ્ટ, કસ્ટમ લૂક મોટરસાઈકલ ઠંડરબર્ડ-એક્સ રજૂ કરી છે. ભારતની પ્રથમ દાખલા રૂપ હાઈવે ક્રુઝ ઠંડરબર્ડનો વારસો આગળ લઈ જતાં ઠંડરબર્ડ-એક્સ યુવા પૂર્ણ ગુણો અને ઠંડરબર્ડ જેની વ્યાખ્યા કરવા આવી છે તે સેલ્ફ- એક્સપ્રેશનની ગાથાને વધુ આગળ લઈ જશે. સંપૂર્ણ બ્લેક્ડ આઉટ થીમ અને વાઈબ્રન્ટ રંગોમાં સમકાલીન, કસ્ટમ- પ્રેરિત શહેરી એક્સપ્રેશનમાં ઠંડરબર્ડ-એક્સ વધુ બોલ્ડ છે અને ચાર નવા રંગોમાં મળશે, જેમાં ગેટઅવે ઓરેન્જ અને ઠંડરબર્ડ-૫૦૦એક્સ માટે ડ્રિફ્ટરબ્લુ અને ઠંડરબર્ડ-૩૫૦એક્સ માટે વ્હિમઝિકલ વ્હાઈટ અને રોવિંગ રેડનો સમાવેશ રહેશે.

૨૦૦૨માં રજૂ કરાયેલી ઠંડરબર્ડ સમકાલીન સ્ટાઈલ્ડ હાઈવે ક્રુઝર છે, જેણે છેલ્લાં ૧૫ વર્ષથી યુવા ખોજ કર્તાઓની પેઢીઓને પ્રેરિત કરી છે. આ પ્રેરણાની ઉજવણી કરતાં અને યુવા શહેરી ખોજ કર્તાઓમાં સેલ્ફ- એક્સપ્રેશનને પ્રોત્સાહન આપવાના હેતુ સાથે ઠંડરબર્ડ-એક્સઠંડરબર્ડમાં બોલ્ડ નવું ટિવસ્ટ છે અને કસ્ટમ-કૂલ પર નવું તાજગી પૂર્ણ પરિમાણ આપે છે. ઠંડરબર્ડ-એક્સ કસ્ટમ પ્રેરિત રોયલ એનફિલ્ડ છે, જે અમારા ઠંડરબર્ડ સમુદાયથી પ્રેરણા લે છે. ઠંડરબર્ડ અને ઠંડરબર્ડ-એક્સના બે અર્થઘટન અમારા શહેર અને હાઈવે ક્રુઝિંગ પરિમાણને મજબૂત બનાવશે અને યુવાનોને પોતાને વ્યક્ત કરવાનો માર્ગ આપશે. બોલ્ડ, દાખલારૂપ સ્ટેટમેન્ટ કરવા માગે તેઓ નિશ્ચિત જટીબીએક્સ સાથે જોડાશે.

## દામ્પત્ય જીવનને મીઠું મધુરૂં બનાવવું છે ?

આર્થિક સ્થિતિ સારી હોવા છતાં જે સ્ત્રીઓ પોતાના પિતા-પતિ અથવા પુત્રની છત્રછાયામાં બહાર નીકળી નોકરી કરવા જાય છે તેમનું ગૃહજીવન આરોગ્ય, બાળઉછેર વિ. ને અવળી અસર થાય છે. તથા તેમનું જાતીય શોષણ થવાની સંભાવના પણ છે. આમ નારીની સ્વતંત્રતા તેના જ વિનાશનું કારણ બને છે. હકીકતમાં મોટે ભાગે નોકરી કરતી સ્ત્રી સ્વતંત્ર નથી બનતી પણ પારકા પુરૂષની ગુલામ બનવાની શકયતા વધે છે. ઘર સંભાળતી ગૃહિણી જેટલી સ્વતંત્ર છે એટલી નોકરી કરતી મહિલા સ્વતંત્ર નથી.

ઘરની બધી ચિંતાઓથી પુરૂષને મુકત રાખનારી સારી બુધ્ધિને શિખામણ આપનારા અને દેવ, ગુરૂ, અતિથિ સર્વના યથાયોગ્ય સત્કાર કરનારી સ્ત્રી ગૃહસ્થને સર્વ પ્રકારનાં શુભ ફળ આપે છે. પણ સાથે સાથે સ્ત્રી ગમે તેટલી સુંદર, બુધ્ધિશાળી નિપુણ હોવા છતાં નમ્રતાનો ગુણ ન હોય તો તે સ્ત્રી પૂર્ણ સુખ આપી શકતી નથી.

ભારતીય સંસ્કૃતિમાં લગ્ન કરીને સાસરે આવેલી નવવધૂનો આદર, સત્કાર અને દરેક રીતે પ્રસન્ન રાખવાની વાત કહી છે. જ્યાં સૌનો આદર થાય છે ત્યાં દેવતાઓ પ્રસન્ન થાય છે. પુરૂષે પોતાની મર્યાદા અને મોભા પ્રમાણે પ્રસંગો, પર્વો, ઉત્સવો દરમિયાન સ્ત્રીને અલંકાર, વસ્ત્ર અને ખાનપાનથી સત્કાર કરવો જોઈએ. જે પુરૂષો પોતાની પત્ની દુરાચારના રસ્તે ન જાય તેવું ઈચ્છતા હોય તેમણે આ છ બાબતોની જાણકારી રાખવી જોઈએ. ૧.દારૂનું સેવન ૨. દુર્જનની સોબત ૩.પતિનો વિયોગ ૪. ગમે ત્યાં રઝળપાટ ૫. ઉંઘણશીપણું અને ૬.પારકા ઘરે રહેવું. આ છ સ્ત્રીને લગાડનારાં નિમિત્તો છે.

માટે પતિ-પત્ની ઘરની દરેક બાબતમાં પરસ્પર સમજણ અને વિશ્વાસથી કામ લે તો ખટરાગ કે ઝઘડા થતાં ટાળી શકાય. પતિદેવો સ્ત્રીની ખાસીયતો જાણે અને પત્નીઓ પતિને પ્રસન્ન રાખવાની કળા અપનાવે તો ઘરસંસાર સુમધુર બને. પરિણામે લગ્ન વિચ્છેદની નોબત પણ ટાળી શકાય. પતિએ પ્રીતીવચન કહી પત્નીને સ્વીકાર્યમાં પ્રવૃત્ત રાખવી, પ્રીતિવચન એ સ્ત્રીની સંજીવની છે. મીઠાં વચનોથી સ્ત્રી સંતુષ્ઠ, પ્રસન્ન રહે છે, નીતિશાસ્ત્રો કહે છે કે નારી પ્રસન્ન રહે તો ઘરમાં શાંતિ અને લક્ષ્મી વહે છે. પરસ્પરનો સ્નેહ ટકી રહે છે. એકબીજાની ઈચ્છા મુજબના વર્તનથી વાર્તાલાપથી સાનિધ્યથી પતિ-પત્નીનો પ્રેમ વધે છે, બંને નોકરી કરતા હોય તો પરિણામ વિઘાતક આવી શકે છે. સ્ત્રી સાથે નરમાશથી સલુકાઈભર્યા વર્તનથી કાર્ય સિદ્ધ થાય છે. એનો અર્થ એવો નથી કે પુરૂષે આજ્ઞાંકીત બનવું સ્ત્રી પુરૂષ જેટલી પ્રબળ (ગુસ્સામાં) રહે તો ઘર ધુળધાણી થઈ જાય.

પુરૂષને વ્યવહારના, ધંધાની દુનિયાદારીની, ઔચિત્યની, સમાજ, દેશ વિ.ની જેટલી જવાબદારી હોય છે એટલી પ્રાયઃ સ્ત્રીને હોતી નથી. આર્થિક વ્યવહારો વિ. ની બાબતમાં સ્ત્રીની બુધ્ધિ પ્રમાણે ન ચાલવું, સ્ત્રીની શીલની રક્ષા માટે ધર્મકરણી કરવામાં તત્પર એવી સુશીલ સ્ત્રીઓના સમુહ સાથે જ મોકલવી. સ્ત્રી જ્યારે દાન, પૂજા, તીર્થયાત્રા, તપશ્ચર્યા આદિ ધર્મ કરવાની ઈચ્છા પ્રગટ કરે તો નિષેધ ન કરવો પણ સહાયક બનવું. લગ્ન જીવનને સ્વર્ગ જેવું સુખી બનાવવું હોય તો..

૧.પતિ-પત્નીએ એકસાથે કદી ગુસ્સે ન થવું.

૨. દલીલબાજીમાં ન ઉતરવું, ચીસાચીસ ન કરવી.

૩.ભુલ ઈશારાથી પ્રેમથી બતાવો.

૪. કદાચ ઝઘડો થઈ જાય તો તેનો સુમેળતાથી ઉકેલ લાવો.

૫. ભુલ થઈ હોય તો કબુલ કરી માફી માગો.

૬. મૌન ધારણ કરી ઝઘડાનો અંત લાવો.

પ્રાચીન ઋષિમુનિઓએ આપણા સદાચારને જીવંત રાખવા જે લગ્ન વ્યવસ્થાની રચના કરી છે તે જો ભાંગી પડશે તો સંસારમાં એકલા રહેતા સ્ત્રી પુરૂષોમાં દુરાચાર ફાટી નીકળશે. સંતાનોના ઉછેર બાબતમાં અંધાધુંધી પેદા થશે, વડીલો નિરાધાર બનશે, અતિથિઓ, સાધુ સંતોના આદર સત્કારની વ્યવસ્થા છિન્નભિન્ન થશે. સ્વચ્છંદાચારમાં કૌટુંબિક, સામાજીક, સાંસ્કૃતિક અને ધાર્મિક સુવ્યવસ્થા ભયમાં મુકાઈ જશે.

**-સેવંતી મ.સંઘવી (થરાદ)**

## બેટી બચવો-બેટી પઢાઓ ના અભિયાન ને સાર્થક કરવા માટે વિશ્વ મહિલા દિવસ નીમીતે સેમિનાર યોજાયો



કે.ડી.પોલીટેકનીક, સીડીટીપી દ્વારા ચાંદેસર, તા-સિધ્ધપુર,જી-પાટણ ખાતે વિશ્વ મહિલા દિવસ નીમીતે વુમન એમ્પાવરમેન્ટ વિષય પર સેમિનાર યોજાયો. કે.ડી. પોલીટેકનીક,સીડીટીપી ના જુનિયર કન્સલન્ટ રેણુકાબેન ઠક્કરએ સરકારની વિવિધ મહિલાઓ લક્ષી યોજનાઓ ની માહિતી આપી હતી. આ સાથે રેણુકાબેન ઠક્કરે બેટી બચવો-બેટી પઢાઓ ના અભિયાન ને સાર્થક કરવા માટે તમામ મહિલાઓ ને અપીલ કરી હતી. આ પ્રસંગે ઈન્સ્ટ્રકટર રચનાબેન,સ્કૂલના ટીચર સુશિલાબેન આંગણવાડીના કાર્યકર શારદાબેન તથા આંગણવાડીના તેડાગાર હેતલબેન હાજર રહ્યા હતાં ચાદેસર ગામના સરપંચ યાસીનભાઈ વિશ્વ મહિલાદિન ના આ પ્રોગામમાં ખુબજ મદદ કરી હતી.આ પ્રસંગમાં કુલ ૧૧૦ બહેનો એ ભાગ લિધો હતો.

## આઈઆઈઆઈઈએમ (iiiEM) ખાતે આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી કરવામાં આવી



અમદાવાદ

આજના દિવસને સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિન તરીકે ઉજવવામાં આવે છે. સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા દર વર્ષે ૮મી માર્ચના દિવસને આંતરરાષ્ટ્રીય મહિલા દિન તરીકે ઉજવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. અમદાવાદ સ્થિત ઈન્ટરનેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈમ્પોર્ટ & એક્સપોર્ટ મેનેજમેન્ટ (આઈઆઈ આઈઈએમ) ખાતે અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી. ઈન્સ્ટિટ્યુટના તમામ મેમ્બર્સ દ્વારા કેક કાપીને સેલિબ્રેશન કર્યું હતું તેમજ એકબીજાને આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની શુભેચ્છા પાઠવી હતી. વિવિધ ગેમ્સ પણ રમવામાં આવી હતી.

આઈઆઈઆઈઈએમ ખાતે ઈમ્પોર્ટ-એક્સપોર્ટની સુવિધા પૂરી પાડવામાં આવે છે. ઈન્સ્ટિટ્યુટમાં ૭૦ ટકા સ્ટાફ મહિલા કર્મચારીઓ છે. રીસેપ્શન ડેસ્ક, એચ.આર, એડમિનિસ્ટ્રેટિવ, ટ્રેનિંગ, ઈમ્પોર્ટ અને એક્સપોર્ટ સહિતના ડિપાર્ટમેન્ટમાં મહિલાઓ કામગીરી બજાવે છે.અમારી સંસ્થાનો ઉદ્દેશ મહિલાઓને આર્થિક રીતે પગભર બનાવવાનો છે. મહિલાઓને સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રોમાં સશક્ત બનાવીને તેમના પરિવારને યોગ્ય સન્માન પુરું પાડવાનો પણ છે.મહિલા દિનની શુભેચ્છા પાઠવતાં આઈઆઈઆઈઈએમના મેનેજીગ ડીરેકટર શ્રી.દિપક મનોહર ઉમેર્યું હતું કે, અમે મહિલાને સશક્ત કરવામાં વિશ્વાસ ધરાવીએ છીએ કારણકે, જો એક મહિલા સશક્ત થશે તો એક પરિવાર આર્થિક, સામાજિક અને શૈક્ષણિક રીતે સશક્ત બનશે અને અંતે સમગ્ર સમાજ સશક્ત થશે.

## જ્યારે સુપર જજ શિલ્પા શેટ્ટી કોરિયોગ્રાફરનેતેના પગને સ્પર્શ કરીને સન્માનિત કરે છે!



સુપર ડાન્સર પ્રકરણ ૨ નું આ સિઝન અત્યાર સુધી શોના સૌથી સફળ સિઝનમાંનું એક રહ્યું છે. ઊર્જાસભર પર્ફોમન્સ પાછાં લઈને, સ્પર્ધકો પ્રેક્ષકોના હૃદય જીતી રહ્યાં છે અને તેઓ તેમના શોને બઝમાં રાખવા માટે એકપણ તક છોડતા નથી. આગામી એપિસોડમાં, દર્શકો ચોક્કસપણે તેમની સ્ક્રીનો પર ચોંટી રહેશે કારણ કે શો માતાઓના સ્પેશિયલ એપિસોડ સાથે ઉજવણી કરે છે. શક્તિશાળી અને સર્વતોમુખી ગાયક, સુનિધિ ચૌહાણ, તાજેતરમાં એક છોકરાની ગર્વ માતા બની છે, છોકરાની ગર્વ માતા બન્યા પછી શોમાંપ્રથમ હાજરી આપી હતી.શ્વાસ લેનાર પર્ફોર્મન્સ જોવા પછી ભરાઈએ ગઈ હતી.સમગ્ર એપિસોડમાં લાગણીઓનો ગલનપોટ હતો, કારણ કે શિલ્પા શેટ્ટી અને સુનિધિ ચૌહાણ સહિતની દરેકને તેમની માતાઓની વાત આવી ત્યારે ઉદાસ થઈ હતી. શિલ્પાએ પણ થોડા ઉદાહરણો આપ્યા હતા કે કેવી રીતે તેની માતા એક જ સમયે બધું જ સંભાળવા માટે ટેવાયેલ છે અને તેણીએ એક હોવાના કારણે માતાનું તેમનું મહત્વ સમજ્યું છે.

સાંજે હાઈલાઈટ સુપર ડાન્સર આકાશ થાપા અને વિવેક દ્વારા એક સુંદર પ્રદર્શન હતું, જે સેટ પર દરેકની આંખમાં આસું લાવી દીધા હતા. આ પર્ફોર્મન્સમાં માતા અને પુત્ર વચ્ચેનો પ્રેમ દર્શાવવામાં આવ્યો હતો, જેણે સુપર જજ શિલ્પાના હૃદયને સ્પર્શ કર્યો હતો. સુપરજજ શિલ્પાએ દરેકની સામે તેના પગને સ્પર્શ કરવા માટે સ્ટેજ પર કૂદકો માર્યો ત્યારે કોરિયોગ્રાફર માટે તે એક સન્માનની ક્ષણ હતી. તેણીએ જણાવ્યું હતું કે વિવેકએ આ આદર મેળવ્યો છે અને વધુ સિદ્ધિઓ માટે તેઓ તેમની કારકિર્દીમાં માઈલ જશે. શિલ્પાના આ કૃત્ય શોમાં દરેકને અવાચક રાખ્યા હતા. ખરેખર, શો માત્ર લોકોના મનમાં ફૂંકાતો નથી પરંતુ તેમના હૃદયને સ્પર્શ પણ કરે છે. ફાઈનલને માત્ર બે અઠવાડિયા રહ્યા છે, લડવું મુશ્કેલ થઈ રહ્યું છે અને આ યુવાન સ્પર્ધકોએ તેઓ અંતિમ જીત મેળવવામાં ખાતરી કરી રહ્યાં છે. વધુ શોધવા માટે, ટ્યુન કરો સુપર ડાન્સર પ્રકરણ ૨ દર શનિવાર અને રવિવાર,રાત્રે ૮ વાગ્યે, માત્ર સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન પર!

## જિંદગી જીવવાની કળા

જિંદગીના દરેક ભાગમાં સાહિત્ય એક પ્રકાશપૂંજ તરીકે હોય છે. જેનાથી તમે આજીવન સમાજને પોતાનું જ્ઞાન અને સંવેદનાથી રંગતા રહો છો સારો માનવી બનાવવાની નર્સરી બનાવો છો, સાહિત્ય વગર તમે એક સારો સમાજ બનાવી શકો નહી. આપણને સંઘર્ષનું સાહસ આપણા સામાજિક વતાવરણમાંથી પ્રાપ્ત થયું છે આઝાદી બાદ સમગ્ર દેશમાં ખુબ સકારાત્મક વાતાવરણ હતું, તે લોકો સમાજના આદર્શ બનતા હતા કે ચર્ચામાં રહેતા હતા, જે સાચી વાત કહી દેતા હતા, અમે જે કોઈ બેઠકો સેમિનારોકે પ્રદર્શનોમાં ભાગ લેતા, લોકો એક જ વાત કરતા કે તેમની દેશને શ્રેષ્ઠ બનાવવામાં કેટલી મોટી ભાગીદારી કે ભૂમિકા હોઈ શકે છે, કૃતજ્ઞતા જીવનની પૂરણતાને ખોલી દે છે. જે કઈ આપણી પાસે છે તેને પર્યાપ્ત બનાવી દે છે. તે ભ્રમને સ્પષ્ટતામાં બદલી નાખે છે. તે મકાનને ઘર બનાવી દે છે. અજાવ્યા વ્યક્તિને પણ મિત્ર બનાવવાની તેનામાં ક્ષમતા છે.

**હુસેનમીયા સૈયદ (ભુરાભાઈ) પાટણ**

જમાદાર: સર, કાલે રાત્રે કેદીઓએ જેલમાં રામલીલા કરી હતી.

જેલર : તો એમાં ચિંતા કરવા જેવી શું વાત છે ?

જમાદાર : સર, હનુમાન બનેલો કેદી હજી સુધી સંજીવની લઈને પાછો નથી આવ્યો.

૦૦૦

જય : અરે યાર, તારો પુત્ર તો બિલકુલ તારા જેવો જ દેખાય છે.

રોશન : ધીમે બોલ યાર, તે પાડોશીનો પુત્ર છે.

૦૦૦

મોહિત : કેમ મિત્ર, લગ્ન પછી જવાબદારી વધી ગઈ છે કે શું ?

આકાશ : હા યાર, પહેલાં માત્ર મારા માટે જમવાનું બનાવતો હતો, હવે તો પત્ની માટે પણ બનાવવું પડે છે.

૦૦૦

પત્ની : જ્યારે તમે ચશ્મા ઉતારો છો, ત્યારે ખૂબ હેન્ડસમ લાગો છો.

પતિ : હા ડિયર, જ્યારે હું ચશ્મા ઉતારૂ છું, તું પણ ખૂબ સુંદર લાગે છે.

૦૦૦

પતિ : જો આપરેશન પછી મને કંઈ થયું તો તું તે ડૉક્ટર સાથે જ લગ્ન કરી લેજે.

પત્ની : આવું કેમ કહી રહ્યા છો ?

પતિ : તેની સામે બદલો લેવાનો બીજો ઉપાય નથી.

૦૦૦

પપ્પા : બેટા,'તારા દાદાજી લગ્ન કરીને પસ્તાતાં રહ્યા. હું પણ લગ્ન પછી પસ્તાઈ રહ્યો છું. હવે તું બોલ, તારો શું વિચાર છે ?

પુત્ર : હવે હું શું કરૂ પપ્પા, હું પણ વંશ પરંપરાને આગળ ધપાવીશ.

૦૦૦



## મધુવન

**'બીજાનો શું, નિજનો પણ ઉદ્ધાર નથી કરતા,**
**એ કૈં જનથી કરતા, જે પ્યાર નથી કરતા'**

ગઝલના સિંહ ગણાતા ગઝલ સમ્રાટ સ્વ.અમૃત ઘાયલના આ શે'ર માં પ્યાર કરવાની વાત કરવામાં આવી છે. હકીકતમાં માણસ એ જ વસ્તુ બીજાને આપી શકે છે જે પોતાની પાસે હોય છે. ખાનદાની લોહીની વસ્તુ છે, સંસ્કારની વસ્તુ છે, ચીલાચાલુ વ્યક્તિ પાસેથી આપણે એની આશા ન કરી શકીએ. જે વ્યક્તિ પોતાની જાતને પ્રેમ કરી શકે છે, કાજલ ઓઝા, વૈદ્ય કહે છે કે તમારા હાથમાં શરબતનો પ્યાલો છે તો જ તમે બીજાને આપી શકવાના છો. તમારી પાસે જ જો ના હોય તો તમે અન્યને શું આપી શકવાના ? જેની કોઈ ઈજ્જત, આબરૂ, માન કે પ્રતિષ્ઠાની હોય એ બીજાને પણ સન્માન નહીં આપી શકે. કયાંથી આપશે ? એની પાસે જ નથી ને ? પ્રેમનું પણ એવું જ છે જે પ્રેમરસથી છલોછલ ભીનો હશે. એ જ બીજાને પ્રેમઆપી શકશે. આથી અન્ય પાસેથી પ્રેમ ન મળે તો નિરાશ ન થતાં આપની પાસે હોય તો આપવાનું ચાલુ કરી દેજો.

**'કોઈનો અચાનક પ્યાર મળે છે,**
**જીવતરને આધાર મળે છે'**

અસીમ પીઠવા પ્યારને જીવતરનો આધાર ગણાવે છે. માનવીની જે મુળભુત જરૂરીયાતો છે એમાં પ્યારનું સ્થાન આગવું અને અનામત છે. પ્રેમ વિનાનો માણસ સુકી નદીના વિરાન પટ જેવો છે. જેને દુરથી જોતાં કીનારાના વૃક્ષોની લીલોતરી આપણને આકર્ષે છે પણ નજીક જઈને જોતાં સાવ સુમસામ સુકો અને નીરવ, નીરસ હોય છે. પ્રેમ વિના જીવતા માણસો હકીકતમાં જીવતા હોતા નથી એ ભલે શ્વાસોશ્વાસ લે છે બસ આપણે એનું હૃદય બંધ થાય ત્યારે મૃત જાહેર કરીએ છીએ એટલો જ ફરક છે:

**'જેને હૈયે અન્ય માટે પ્યાર છે,**
**જીંદગી એની જ ખુશ્બુદાર છે'**

બાલુભાઈ પટેલ 'બાલુ'ના આ શે'ર માં પ્યાર રૂપી સુવાસની વાત વ્યકત થઈ છે. ખુશ્બુ ભલે દેખાતી નથી પણ એનું મહત્વ છે. પ્રેમનું પણ આવુ ંજ છે એ કયારેય કોઈને દેખાતો નથી પણ એના હોવાપણાની સોડમ આપણને રોમ રોમથી રોમાંચીત કરી દે છે.

**'વાતો ઘણી થઈને ખુલાસા ઘણા થયા,**
**થોડો હવે તો પ્યાર કરો, રાત જાય છે'**

શાયર સમ્રાટ સ્વ.સૈફ પાલનપુરીના આ શે'ર માં પ્યાર કરવાની તાલાવેલી જોઈ શકાય છે. ઘણીવાર સાંભળ્યું છે કે ઘણા લોકો પથારી પાથરવામાં અને સમજાવવામાં જ સવાર પાડી દેતા હોય છે અને શતની, વાતની, મુલાકાતની મજા માણી શકતા નથી. કોઈક શાયરે કહ્યું છેકે તે પુછયો પ્રેમનો અર્થ ? હું દઈ બેઠો.. આલીંગન માત્ર સારી વાતોથી શૃંગારની વાતોથી પેટ ભરાતું નથી. ઘણા લોકો જીવનની રંગીન પળોને શણગારવામાં એટલા બધા વ્યસ્ત થઈ જાય છે કે, માણવાનું જ ભુલી જાય છે. હકીકતમાં પ્યારને માણવાની પળોને શણગારવાનો કોઈ અર્થ નથી. કેમ કે પ્રેમથી વિશેષ શણગાર કોઈ હોઈ ન જ શકે.

**'જ્યાં ધજાઓ પ્રેમની ફરકયા કરે,**
**ત્યાં ખુદાના ધામ જેવું લાગતું'**

ફીલીપ કલાર્ક જ્યાં પ્રેમ હોય એ જગ્યાને મંદિરની સાથે સરખાવે છે. ઘરને પણ મંદિર ગણવામાં આવ્યું છે. જ્યાં પ્રેમની સ્થાપના હોય, દેવતાઓની જેમ પ્રેમ હાજરાહજુર હોય એવા ઘરમાં ને મંદિરમાં કોઈ તફાવત નથી.

**'આ દેશમાં જો પ્રેમનું યુદ્ધ થઈ જશે,**
**ઘર ઘર મહીં, તો તો બધા બુધ્ધ થઈ જશે'**

યશવંત વાઘેલાના આ શે'ર માં પ્રત્યેક ઘરમાં બુદ્ધ જેવી પ્રતિભાવાન વ્યક્તિને પેદા કરવાની વાત છે. આચાર્ય રજનીશજી કહે છે કે પ્રેમ જીવન છે, પ્રેમ વિનાની જીંદગીનો કોઈ મતલબ નથી અને પ્રેમસભર મૃત્યુ પણ સાર્થક થઈ જાય છે.

**ધેંગાભાઈ એન'સરહદી' મુ.પો.ટડાવ, તા. (વાવ)**
**મો. ૯૪૨૭૬૪૪૬૧૧**

## વસંત

વસંત આવી, વસંત આવી !
પંચરંગી ફોરમને લાવી
કેસુડાની ડાળ વચાળે
બેસી ગુંજે નદીએ નાળે
કોયલના ટહુકારે ગાતી
વસંત આવી વસંત આવી
હોળીના પડછાયા સાંધી,
પીચકારીમાં રંગો બાંધી
રમતી લીલી પીળી રાતી
ખજુર ધાણી મનભર ખાતી
હોલીકાને આગ જલાવી
વસંત આવી વસંત આવી
ઢોલ ઢબુકતા તાલે તાલે
બ્હેનો ગાતી પડઘે મ્હાલે
કાદવ કીચ્ચડ રંગ ઉછાળી
ધુળેટીની મોજ મનાવી
લગ્નોની મોસમને લાવી
વસંત આવી વસંત આવી
સાંજ પડે ને તલાવ તીરે
ભેગી થાતી ન્હાવા નીરે
ઘરનો સઘળો બોજ ઉતારી
સંધ્યા ટાણે મંદીર જાતી
ભાવીને વાતોમાં વાવી
વસંત આવી વસંત આવી !

**મંગળ રાવળ સ્નેહાતુર**

# ભલાઈનું ફળ

એક વૃદ્ધ વ્યક્તિને ત્રણ પુત્રો હતા. ત્રણેય પુત્રો ઘરનું બધું જ કામકાજ સંભાળતા હતા. એક દિવસ મોટા પુત્રનો વારો હતો. જંગલમાંથી લાકડાં લાવવાનો બપોર સુધી એણે સારા એવા લાકડાં ભેગાં કરી લીધા. બપોરનો સમય થતાં તે એક વૃક્ષની છાયામાં બેસીને ભાથું ખાવા લાગ્યો ત્યાં અચાનક એક ઠીંગણો વ્યક્તિ એની સમક્ષ આવીને ઉભો રહ્યો અને કહેવા લાગ્યો, હું ભુખ્યો છું મને કાંઈક ખાવાનું આપો.

વધારે નહીં તો થોડુંક પણ ખાવાનું આપો. ઠીંગણા વ્યક્તિની વાત સાંભળીને મોટા પુત્રે પોતાનું મોં ફેરવી લીધું અને પોતાનું ખાવાનું ખાવા લાગ્યો. પેલો ઠીંગણો માણસ કંઈક બબડયો અને ત્યાંથી ચાલ્યો ગયો. મોટા પુત્રે ખાવાનું ખાઈ લીધા બાદ પાછળ જોયું તો બધાં જ લાકડાં ગુમ થઈ ગયા હતા તે ખાલી હાથે પાછો ફર્યો..

ઘરમાં લાકડાં ન હોવાના કારણે એ દિવસે ચુલો ન સળગ્યો અને તે ભુખ્યો રહ્યો.

બીજા દિવસે વચલો ભાઈ શેકેલા ચણા લઈને જંગલમાં લાકડા લેવાને માટે ગયો. લાકડાં કાપ્યા બાદ તેની ભારી બનાવીને એક વૃક્ષની ઝાડ નીચે બેસીને સેકેલા ચણા ખાવા લાગ્યો. અચાનક ત્યાં તો પેલો ઠીંગણો માણસ આવીને ઉભો રહ્યો અને બોલ્યો, ભુખ્યો છું થોડાક ચણા મને આપ. થોડાક આપ અથવા તો વધારે આપ. એની વાત સાંભળીને વચલા ભાઈએ મોં ફેરવી લીધું અને ચણા ખાવા લાગ્યો. પેલો ઠીંગણો માણસ મોં બગાડીને ત્યાંથી ચાલ્યો ગયો. વચલો ભાઈ ચણા ખાઈને લાકડાની ભારી ઉઠાવવા ગયો ત્યાં લાકડાની ભારી નહોતી તે પણ ખાલી હાથે પાછો ફર્યો..

હવે સૌથી નાના પુત્રે જંગલમાં લાકડા કાપવા માટે જવાની જીદ પકડી.. એટલે તે પોતાની સાથે બોર લઈને ગયો.. પોતાનું કામ પુરૂં કરીને તે એક ઝાડ નીચે બોર ખાવાને માટે બેઠો.. ત્યાં જ પેલો ઠીંગણો માણસ પ્રગટ થયા અને બોલ્યો..

ભુખ્યો છું થોડાક બોર ખાવાને માટે આપ.. નાના પુત્રને દયા આવી. એણે કહ્યું, ભાઈ લાગે છે તું મારા કરતાં પણ વધુ ભુખ્યો છું. .લો આ બોર લઈ લો અને તમારી ભુખ મિટાવો.. હું તો ઘેર જઈને બીજા ખાઈ લઈશ.. આટલું કહીને નાના પુત્રે બધાં જ બોર પેલા ઠીંગુજીને આપી દીધા.. ઠીંગુજી બોર ખાતો જાય અને બોલતો જાય..

અરે બાળક ! હું તો નાનો ઠીંગુજી છું..

થોડાક બોરમાં જ મારૂં પેટ ભરાઈ ગયું..

બાકીના બોર લે અને તારી ભુખ મિટાવ..

નાના પુત્રે ઠીંગુજીના હાથમાંથી બોર લીધા અને જેવો તે ખાવા ગયો ત્યાં જ બાકી રહેલા બોર સોના ચાંદીના બની ગયા. આ જોઈને તે આશ્ચર્યચક્તિ થઈ ગયો અને તે ઠીંગુજીની તરફ જોવા લાગ્યો.

પરંતુ ત્યાં જ ચમત્કાર થયો. પેલો ઠીંગુજી ત્યાં નહોતો પણ એના સ્થાને ભગવાન ઈન્દ્રદેવ ઉભા હતા. તેઓ પેલા નાના પુત્રને કહેવા લાગ્યા.

રાજા ઈન્દ્ર છે મારૂં નામ દયા પારખવી એ મારૂં કામ. દુ:ખીઓ પર જે દયા દાખવે એને આપું છું ઈનામ.. રાજા ઈન્દ્ર કહેવા લાગ્યા, 'વત્સ ! તારા બંને ભાઈઓ પરીક્ષામાં અસફળ રહ્યા. એટલે અમને દંડ મળ્યો પરંતુ તને એક ભુખ્યા પર દયા આવી. માંગ..માંગ તારે શું વરદાન જોઈએ છે ?

ત્યારે નાના પુત્રે કહ્યું, 'દેવ તમે મારા આ બંને ભાઈઓને ક્ષમા કરી દો અને એવા આશીર્વાદ આપો કે અમારૂં ઘર ધન ધાન્યથી ભરેલું રહે..

દેવરાજ ઈન્દ્રે કહ્યું, તથાસ્તુ.. કહીને તેઓ અંતરધ્યાન થયા..

નાનો પુત્ર વરદાન પામીને ઘેર પાછો ફર્યો.. ત્યારે એનું ઘર સુખશાંતિ અને સમૃદ્ધિથી ભરાઈ ગયું.. ત્યાર બાદ ત્રણેય પુત્રો અને વૃદ્ધ વ્યક્તિ સુખેથી રહેવા લાગ્યા. હવે તેઓ દરરોજ દીનદુ:ખીયાની સેવા કરવાનું કયારેય પણ ચુકતા નહોતા.

**કમલેશ કંસારા**

# વસંતઋતુ અને બાળકો..

અમે નાના હતા ત્યારે નિશાળના સાહેબ, જેને અમે ગુરૂજીના સંબોધનથી સંબોધતા એવા ગુરૂઓ, આજે નથી અમને ત્રણ ઋતુઓ વિશે પાયમાં શીખવતા શિયાળો, ઉનાળો અને ચોમાસુ.. જો કે આ શીખેલું આજે અમે બરાબર યાદ રાખીને બેઠા છીએ.

ત્રીજા ધોરણ પછી એક બહારગામના સાહેબ અમારી સર્વોદય શાળામાં બદલાઈને આવેલા. અમે બધા બાળકોએ તેમનો વિરોધ કર્યો. પણ અમે ટાબરીયા અમારૂં એ સમયે કંઈ ઉપજાઉ અવાજ જ હતો એટલે અમે બધા બાળકોએ તેમને ગુરૂજી ગણીને સ્વીકારી લીધા.. એ પછી ઘણી જાણવા જેવી વાતો છે..

અમે લગભગ છગન અને લલ્લુની ટોળીના વિદ્યાર્થીઓ હતા. એમાંથી એ ગુરૂજી માટે કેટલાક ચા પાણીની સેવા આપતા. વળી કેટલાક તેમની બીડી માચીસ લેવા જતા. અમને ખબર નથી કે એ સમયે નોકરીના સ્થળે ધુમ્રપાન કરાય કે નહીં ?

અમારાં બાળકોની ટોળી એક દિવસ શાળાના આચાર્ય પાસે ગઈ, સાહેબ આ નવા સાહેબ અમને વેઠ અને વૈતરૂં કરાવે છે. જ્યારે અમારા પુસ્તકનો પાઠયક્રમ એ શીખવતા નથી.. બોલો શું કરવું ?

આચાર્ય સાહેબે અમારી બુમરેંગ સાંભળી પેલા નવા સાહેબને પહેલા ધોરણમાં બદલી દીધા. પછી પેલાં નવાં આવેલાં વીરબાળાબેનને અમારો વર્ગ સોંપી દીધો.. એ દિવસે ફાગણ મહીનાનો પ્રથમ દિવસ હતો ત્યારે અમને એ બહેને કહ્યું જુઓ બાળકો આજથી વસંતઋતુનો પ્રારંભ થયો છે. વરસની કુલ છ ઋતુઓ છે જેમાં વસંતઋતુમાં ફાગણીયો ખુબ મન મુકીને લહેરાય છે.. બસ એ શબ્દો આજે યાદ આવ્યા.. શબ્દો છે પણ એ બહેન આ જગતમાં નથી...

**-હંસામૃત વાલમીયા**

# ન ઘરના.. ન ઘાટના...

સુંદરવનમાં શેરસિંહનું રાજ સૌ તેનાથી ડરે, તેમ છતાં એક વાતનું સુખ એ હતું કે શેરસિંહ સુંદરવનના કોઈ પશુ પક્ષીને જરાય પરેશાન ન કરે. તે પોતાનો શિકાર શોધવા સુંદરવનની બહાર જતો. કયારેય જંગલમાં કોઈ પશુને કાંઈ તકલીફ હોય તો તે શેરસિંહ પાસે જઈને રજુઆત કરે તો શેરસિંહ તેની રજુઆત સાંભળી જરૂરી પગલાં તાત્કાલિક લે.

આ શેરસિંહ સભા ભરીને બેસે એટલે તેની સભામાં સુંદરવનના મોટા ભાગના પશુ પક્ષીઓ આવીને બેસે, અલકમલકની વાતો થાય તેમાં કયારેક શેરસિંહ આનંદમાં હોય તો હસી મજાક કરે, ગુસ્સામાં હોય તો વળી કયારેક આવી સભાની મજા જ બગડી જાય.

શેરસિંહ સુંદરવનનો રાજા ખરો પરંતુ તે જરાય અભિમાની નહીં તે સૌ પશુ પક્ષીઓને કહેતો કે, 'હું આ વનનો રાજા થયો છું, તે ઈશ્વરની કૃપાથી થયો છું. મારે તમને સૌને સુખી રાખવા જોઈએ. એ મારો ધર્મ છે. માટે જ તમને કયારેય કોઈ તકલીફ ન પડે તે જોવું એ મારી પવિત્ર ફરજ છે. આજ દિવસ સુધી મેં કયારેય મારા વિસ્તારમાં રહેતા કોઈ નાના મોટા પશુને પરેશાન નથી કર્યા. કયારેય કોઈ નાના મોટા પશુને કોઈ સમસ્યા હોય તો હું સૌ પ્રથમ તેનો નિકાલ કરવા પ્રયત્ન કરૂં છું. બાકી એક વાત ખરી કે મારો સ્વભાવ જરા ગુસ્સાવાળો છે એટલે કયારેક ગુસ્સો કરૂં તો તમારે ડરવાનું નહીં.'

શેરસિંહ અને સુંદરવનના પશુ પક્ષીઓ વચ્ચે જે પ્રેમ હતો તેની વાત દુર દુરના વિસ્તારો સુધી ફેલાયેલી. ઘણાયને શેરસિંહના આવા સ્વભાવને કારણે નવાઈ લાગતી પરંતુ શેરસિંહની વધતી જતી લોકપ્રિયતા જોઈ તેની ઈર્ષ્યા કરનારા પણ કંઈ ઓછા ન હોતા.

સુંદરવનથી થોડે દુર મધુવન આવેલું. આ મધુવનમાં ગબ્બરસિંહ રાજ કરે, ગબ્બરસિંહ ભારે ઈર્ષાળુ સ્વભાવ ધરાવે તેણે જ્યારથી શેરસિંહના વખાણ સાંભળેલા ત્યારથી તે ઈર્ષ્યાથી સળગવા લાગેલા. આમેય તેને સુંદરવન પણ પોતાના કબ્જામાં લઈ લેવાની વર્ષો જુની ઈચ્છા ખરી. સુંદરવનનો વિસ્તાર ઘણો મોટો. તેમાં મોટી સંખ્યામાં પશુ પક્ષીઓ રહે. તેથી તે રાજ પચાવી પાડવાની કોને ઈચ્છા ન હોય ?

ગબ્બરસિંહ પાસે ગલબો શિયાળ અને વિરૂ વરૂ કાયમ આવ જા કરે તે બંને ગબ્બરસિંહના ખાસ ટેકેદાર. ગબ્બરસિંહે પોતે કરેલા શિકારમાંથી વધે તે આ બંને જણાને આપે. તે ખાવાની લાલચે ગલબો શિયાળ અને વિરૂ વરૂ તેની પાસે આવતા.

એકવાર ગબ્બરસિંહે ગલબા શિયાળ અને વિરૂ વરૂને કહ્યું, સુંદરવનના શેરસિંહની સૌ પ્રશંસા કરે છે, મને તે જરાય પસંદ નથી. વળી સુંદરવન વિસ્તારની દ્રષ્ટીએ ખુબ જ મોટું છે. તેથી જો એ શેરસિંહની જગ્યા ખાલી પડે તો તે જગ્યાએ પણ હું મારૂં સ્થાન જમાવી દઉં.. આપણા સૌના લાભની આ વાત છે.

આ સાંભળી ઝીણી આંખ કરતાં ગલબો શિયાળ બોલ્યો, 'મહારાજ ખરૂં કહું તો શેરસિંહની પ્રશંસા થાય છે તે અમને જરાય નથી ગમતું પરંતુ થાય શું ?'

'આપણે બંનેએ સાથે મળી આપણા રાજા ગબ્બરસિંહની ઈચ્છા પુરી થાય તે માટે આપણે પ્રયત્નો કરવા જોઈએ..' વિરૂ વરૂ બોલ્યું.

'હા વિરૂ ખરૂં કહે છે કે તમારે બંનેએ સાથે મળી કોઈ એવી યુક્તિ શોધી કાઢવી જોઈએ કે જેના વડે સુંદરવનના રાજા શેરસિંહનું નિકંદન નીકળી જાય..' ગબ્બરસિંહ બોલ્યો.

'એ માટે આખરે સુંદરવનમાં રહેવા જવું પડે.. મારી પાસે એક યુક્તિ છે. એ યુક્તિ વડે હું શેરસિંહની હાલત ખરાબ કરી શકું તેમ છું.. ગલબો શિયાળ ધીરેથી બોલ્યો.એમ કઈ રીતે ? ગબ્બરસિંહે તરત જ પુછી નાખ્યું.સૌ પ્રથમ હું અને વિરૂ વરૂ સુંદરવનમાં રહેવા જશું પછી ત્યાં શેરસિંહની સભામાં નિયમિત જશું કોઈપણનો નાશ કરવો હોય તો તેની સતત પ્રશંસા કરતાં રહેવું જોઈએ. પોતાની પ્રશંસા સાંભળી શેરસિંહમાં અભિમાન આવશે. જે અભિમાની બનતાં તેનો નાશ થશે. આ ક્રમ અમે સરળતાપુર્વક પાર પાડી દેશું.. ગલબો શિયાળ અભિમાનથી બોલ્યો.

'તમે બંને ઝડપથી સુંદરવનમાં જઈ શેરસિંહનો યુક્તિપુર્વક નાશ કરી જલદી પાછા આવો.. હું તમારી પ્રતીકુળ કરીશ.. ગબ્બરસિંહ બોલ્યો.

બંને ગબ્બરસિંહ પાસેથી નીકળી મધુવન છોડી સુંદરવનમાં ગયા. સુંદરવનમાં પહોંચી ગયા બાદ ગલબા શિયાળ અને વિરૂ વરૂએ પોતાની જાળ ઝુલાવવાની શરૂ કરી દીધી. શરૂ શરૂમાં તેમણે મધુવનના રાજા ગબ્બરસિંહ વિરૂદ્ધ બોલવાનું શરૂ કરી દીધું. બંને જણા સાથે મળી શેરસિંહની સભામાં હાજરી આપવા લાગ્યા. ત્યાં શેરસિંહ સમક્ષ તેમણે ગબ્બરસિંહની ટીકા શરૂ કરી દીધી. તેઓ કહેવા લાગ્યા કે, ગબ્બરસિંહના ત્રાસથી કંટાળી અમે મધુવન છોડી તમારા સુંદરવનમાં શાંતિપૂર્વક રહેવા આવ્યા છીએ. ગબ્બરસિંહ અત્યંત ક્રુર અને દુષ્ટ છે. તેના રાજયમાં કોઈ સુખી નથી. તે કોઈનેય સુખથી રહેવા દે નહીં.. આ પ્રમાણે જ્યારે તેઓ બોલી રહ્યા હતા ત્યારે અચાનક શેરસિંહે તેમણે બંનેને બોલતા અટકાવી કહ્યું, 'મારા રાજયમાં તમારે રહેવું હોય તો સુખથી રહો..

(ક્રમશ:

**દેવેન કે.વ્યાસ,**
**ગીતાબેન વ્યાસ**
**અંજાર**

# સંતની શ્રદ્ધા

**ગતાંકથી ચાલુ**

'હે ગદાધર ! તું આવતી કાલે સૂર્યોદય વખતે મારૂ સ્મરણ કરતાં કરતાં પૂર્વ દિશામાં ચાલવા લાગજે. બરાબર બાવન ડગલાં ભરતાં જ પથ્થરની એક મોટી શીલા ભોંયરા પર ઢાંકેલી દેખાશે. તે શીલા પર કંકુના હાથના પંજાનું નિશાન પડેલ હશે. ત્યા તને ભગવાન મળશે.'

આટલી આજ્ઞા કરી ચમત્કારી દિવ્ય પુરૂષ અદશ્ય થઈ ગયા. સંતે આંખો ચોળીને આજુબાજુ જોવાનો પ્રયત્ન કરયો પણ ચારે તરફ અંધરકાર છવાયેલ હતો. આનંદના આવેશમાં તેઓ રાતભર નિદ્રાનો ત્યાગ કરી પ્રભુસ્મરણ કરતા રહ્યાં. અને પ્રાત:કાળે સૂર્યોદય થતાં સ્નાન સંધ્યાથી પરવારીને પૂર્વદિશા તરફ આગળ વધ્યા. બાવન ડગલાં ચાલતા જ તેમને એક મોટી શીલા નજરે પડી. તેના ઉપર કુમકુમ દિવ્ય પંજાનું ચિહ્ન અંકિત થયેલું હતું. તેમણે નજીકમાંથી લાકડાં કાપતા એક કઠિયા અને બોલાવ્યો. બન્નેએ મળી ને પથ્થરની શીલા ખસેડી ભોંયરામાં પ્રવેશ કર્યો. ભોંયરામાં તેમને ભગવાનના ચતુર્ભુજ સ્વરૂપની પ્રતિમાના દર્શન થયાં.

આખરે તેમની મહેનત ફળી. ભગવાનનાં દર્શનથી આનંદવિભોર થઈ સંત નાચી ઉઠયા. નજીકના ગામમાંથી એક ગાડું લાવી તેમાં ઘાસ પાથરી ભગવાનને તેની ઉપર મુકી ઘાસ ઢાંકીને રાત્રીના સમયે ગાડામાં બેસી સંત ઢીમા તરફ આવવા રવાના થયા.

ચાલતાં ચાલતાં રસ્તામાં જેતપુર (રાજસ્થાન) નામે ગામ આવ્યું. ત્યાંથી વાંકડીયા વડગામના રાજપુરોહિતનો તેમને સંગાથ થયો. રાજપુરોહિતે પુછ્યું.

'મહારાજ આમ ગાડામાં ઘાસ ભરીને ક્યાં જોઓ છો.'

'પુરોહિતજી વાત જાણે એમ છે ને કે.. એમ કરી સંતે ભોળા ભાવે પુરોહિતને બધી વાત કરી. અને પોતે ભગવાનને લઈ ને ઢીમા જઈ રહ્યા છે. તેમ જ જણાવ્યું.

માર્ગમાં પુરોહિતનું ગામ આવ્યું. પુરોહિત આગ્રહ કરી સંત ગદાધરને પોતાના ઘેર આવવા કહ્યું. સંત તેમની વાતને નકારી શક્યા નહીં.પુરોહિતે તેમનો ખુબ આદર સત્કાર કર્યો. પ્રેમપૂર્વક ભોજન કરાવ્યું અને આગ્રહપૂર્વક સંતને રાતવાસો રહેવા જણાવ્યું.

તે દરમ્યાન રાજા પાસેથી મોટું ઈનામ મેળવવાની લાલચે પુરોહિતે છૂપી રીતે ગામના રાજાને આ હકીકતની જાણ કરી. રાજા પોતે ધર્મપ્રેમી હતો. તેણે પુરોહિતજીની સાથે આવી ભગવાનનાં દર્શન કર્યા. અને સંત ગદાધરન બોલાવી કહ્યું.

'મહારાજ મારી ઈચ્છા છે કે ભગવાનને તમે અહીં જ રાખો.

હું અહીં મોટું મંદિર બનાવી તેમાં આ દિવ્ય મુર્તિને પધરાવીશ,અને તેના બદલામાં તમે કહો તેટલું ધન હું આપને આપવા તૈયાર છું.'

'રાજન,ભગવાનની કોઈ કિમંત કરી શકાય નહીં. એ તો મારા જીવનનો આધાર છે. મારી આંખી જીંદગીની સાધનાનું પરિણામ છે. અને મારા ગામના લોકોની શ્રદ્ધાનું પ્રતિક છે. તેમને હું વેચી શકુ નહીં સંતે કહ્યું.

'મહારાજ હું આપને સીધી રીતે કહું છું કે ઠાકોરજીની મુર્તિ મને સોંપી દો.' રાજાએ હવે ગુસ્સે થઈ કહ્યું.

પરંતુ રાજાના એ ગુસ્સાનો સંત પર કોઈ પ્રભાવ પડયો નહી! ત્યાં રાજાનો ક્રોધ સાતમે આસમાને પહોંચી ગયો. તેમણે કહ્યું.

'સૈનિક,ગદાધરને કેદ કરો અને ઠાકોરજી સહિત આ ગાડું લાવીને દરબારગઢમાં મુકો.

'જેવી આજ્ઞા મહારાજ' સૈનિકોએ કહ્યું. તેઓએ સંતને કેદ કર્યો. અને ગાડું હાંકવાની કોશીષ કરવા લાગ્યા. પણ ગાડું તેની જગ્યાએથી જરાય હાલ્યું નહીં. આથી રાજા નાસીપાસ થયો.

તેણે હાથી મંગાવ્યા. અને તેના દ્વારા ગાડાને દરબાર ગઢમાં લઈ જવાની કોશીષ કરી પણ ગાડું એક તસુજેટલું પણ ખસ્યું નહી. છેવટે કંટાળીને રાજાએ સંતને કહ્યું.

'મહારાજ હું આપની માફી માંગુ છું. મને લાગે છે કે ઠાકોરજી અહીં રહેવા માંગતા નથી.

માટે તમે રાજીખુશીથી જઈ શકો છો.' રાજાએ સંતને મુકત કર્યા અને થોડું ધન આપી વાજતે ગાજતે પ્રભુંને વિદાય આપી.

લગભગ પચાસ માઈલ જેટલું ઢીમા દૂર હતું ત્યારે અચાનક બળદ ચાલતા અટકી ગયાં. સંત ફરીથી વિમાસણમાં પડ્યા. ત્યાં સામેથી એક ખેડૂત આવતો હતો. તેની પાસે બે વાછરડા હતાં તેણે પુછ્યું.

'મહારાજ, અહીં અંધારે કેમ રોકાયા છો ?'

'ભાઈ, ભગવાન ધરણીધરને ઢીમા લઈ જઈ રહ્યો છું. પણ આ બળદ થાકના માર્યા હવે ચાલતા નથી.'

'તો આ વાછરડાઓને ગાડે જોડી દો' ખેડૂતે કહ્યું !

ના ભાઈના એવો જુલમ આ અંબોલ પશુ પર કરીશ નહીં અમે તો ગમે તેમ કરીને જતા રહીશું. સંતે કહ્યું !

'કેમ ?'

'આ વાછરડાં હજુ માંડ છ માસનાં છે. તે ગાડાંનું વજન ઉંચકી ચાલી શકે નહીં.'

'અરે ! મહારાજ ભગવાન ધરણીધરની ઈચ્છા હશે તો તે જરૂરથી ચાલશે. તમે એકવાર તેમને ગાડે જોડીને તો જુઓ.' ખેડૂતે કહ્યું.

છેવટે ખેડૂતની વાત માનવી પડી. તેમણે છ માસના વાછરડાં ને ગાડે જોડ્યા વાછરડા પવન વેગે દોડવા લાગ્યા.સંતના આશ્ચર્ય વચ્ચે વચ્ચે ગાડું ઢીમા ગામના પાદરે આવી ગયું.

ગામ લોકોએ વાજતે ગાજતે ભગવાનનું સ્વાગત કર્યું સંવત ૧૪૭૭ના જેઠસુદ અગીયારસ ને મંગળવારે શ્રીધરણીધર ભગવાનની ઢીમા ગામે પ્રતિષ્ઠા કરવામાં આવી.

આમ સંતની શ્રદ્ધા ફળી ઢીમર લોકોના દેવ ઢીમર નાગના નામ ઉપરથી આ ગામનું ઢીમા નામ પાડ્યું. અગાઉના સમયમાં આ સ્થળ દરીયા કિનારે હતું. અત્યારે બનાસકાંઠા જીલ્લામાં થરાદની નજીકમાં આવેલું છે. અને ભગવાન ધરણીધરના નામ પરથી ઢીમા ધરણીધર તરીકે ઓળખાય છે.

**નટવર હેડાઉ**

મહેસાણા, પાટણ, રાધનપુર, સિધ્ધપુર, ચાણસ્મા, ઊંઝા, વિસનગર, હિંમતનગર, ખેડબ્રહ્મા
રખેવાળ

# રાધનપુરમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી


કમલ ચક્રવર્તી

રાધનપુર

રાધનપુરમાં આંતરરાષ્ટ્રીય મહિલાદિનની ઉજવણી કરવામાં આવી હતી.આસ્થા હોસ્પિટલ ખાતે આજના દિવસે જન્મ લેનાર પ્રત્યેક દીકરીના જન્મને "નહી પરી અવતરણ" તરીકે વધાવવામાં આવી હતી,અને નવજાત દીકરીના પરિવારને લક્ષ્મી-સરસ્વતીનો ચાંદીનો સિક્કો,મમતા ડીશ અને મીઠાઈનું પેકેટ અર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પાલિકાપ્રમુખ કમુબેન ઠાકોર,પાલિકાના સદસ્યો સવિતાબેન શ્રીમાળી, કલીબેન ઠાકોર, વર્ષાબેન આચાર્ય, મંજુલાબેન ઠક્કર, શિલ્પાબેન ઠક્કર તેમજ ડો.દેવજીભાઈ પટેલ અને ડો.કે.કે. પંચાલ ઉપસ્થિત રહ્યા હતા.

## ભાન્ડુ ગામે બિનઅધિકૃત બાંધકામની તપાસ ચલાવવા તલાટીને આદેશ

મહેસાણા

વિસનગરના ભાન્ડુ ગામ ખાતે બિનઅધિકૃત કોમ્પલેક્સ બાધકામ અટકાવવા થયેલી રજુઆતને પગલે ટી.ડી.ઓ. વિસનગરે ભાન્ડુ તલાટીને સ્થળ તપાસ કરી સાત દિવસમાં રિપોર્ટ તૈયાર કરવા આદેશ કર્યો છે. ટીડી.ઓની કાર્યવાહીથી ગેરકાયદેસર બાંધકામ કરનાર શખ્સો ફફડી ઉઠ્યા છે. ભાન્ડુમાં ગેરકાયદેસરનું બાંધકામ થઈ રહ્યું છે. જેથી ગામના કિરણભાઈ પટેલે વિસનગર તા.પંચાયતમાં ટીડીઓ ને લેખિત રજુઆત કરી તપાસની માંગ કરી હતી. ત્યારે ટીડીઓએ હરકતમાં આવી ભાન્ડુના તલાટીને તપાસ ચલાવી સાત દિવસમાં રિપોર્ટ આપવા જણાવ્યું છે.

## ઈડર તાલુકાના મુડેઠી ગામની સગીરાનુ અપહરણ થતાં ફરિયાદ

હિમંતનગર

સાબરકાંઠાના ઈડર તાલુકાના મુડેઠી ગામની સગીરાનું અપહરણ થતાં તેની માતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી આવી છે. સગીરા માત્ર સાડા તેર વર્ષની હોવાનું તેણીની માતાએ જણાવેલ.

પોલીસ ફરિયાદમાં રજુઆત કરવામાં આવી છે કે સગીરાના કહેવાતા અપહરણનો બનાવ આજથી છ મહિના પહેલાં એટલે કે તા.૨૮ સપ્ટેમ્બર ૧૯૧૭ માં બન્યો હતો જ્યારે આરોપીએ સગીરાને પ્રેમજાળમાં ફસાવી હતી.આ બનાવને છ મહિના થયા હોવા છતાં સગીરાના પરિવાર તરફથી વિધિવત ફરિયાદ શા માટે કરવામાં આવી ન હતી, વિલંબ કરવા પાછળનું કારણ શું ? આ બાબતે સગીરાના પરિવારના લોકોની પણ પોલીસ પૂછપરછ કરનાર છે. મુડેઠી ગામના રમેશ ભીખાભાઈ મકવાણા સગીરાને ભગાડી ગયો છે.

## આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ચાણસ્માનું ગૌરવ

ચાણસ્મા

"નિમા મેમોરિયલ" ગ્રામ વિકાસ ટ્રસ્ટ, રૂપપુર-ચાણસ્મા સંચાલિત આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ચાણસ્માના અધ્યાપક હિંમતભાઈ મુળાણીએ મહારાષ્ટ્રના નાગપુર, કામઠી ખાતે એન.સી.સી. ઓફિસર ટ્રેનિંગ એકેડમીમાં ૯૦ (નેવું) દિવસના પ્રશિક્ષણ દરમ્યાન ફિઝીકલ ટ્રેનિંગ, વેપન ટ્રેનીંગ યોગ, મેપ રીડિંગ, પર્સનાલિટી ડેવલોપમેન્ટ અને લાઈફ સ્કીલ તેમજ વિવિધ વિષયોની તાલીમમાં કઠોર પરિશ્રમ કરીને તાલીમમાં સફળતા મેળવી 'લેફટનન્ટ' ની રેન્ક મેળવી કોલેજનું ગૌરવ વધાર્યુ છે તે બદલ કોલેજના આચાર્ય ડૉ. રોહિતકુમાર એન.દેસાઈ સહિત કોલેજ પરિવાર તથા સંચાલક મંડળ દ્વારા હિંમતભાઈને બિરદાવ્યા હતા.

## વિવિધ બજાર ભાવ

| | |
|---|---|
| **ધાનેરા** | |
| ઘઉં | ૩૬૧-૩૭૧ |
| એરંડા | ૮૦૫-૮૨૫ |
| તલ | ૧૪૩૦-૧૪૩૬ |
| સુવા | ૯૮૦ |
| રાયડો | ૬૮૧-૭૩૫ |
| રાજગરો | ૭૦૦-૮૦૦ |
| બાજરી | ૨૫૦-૨૯૬ |
| ગવાર | ૭૫૫-૭૮૫ |
| અન્ય | ૮૦૭-૧૦૦૦ |
| **ભીલડી** | |
| એરંડા | ૭૯૦-૮૧૭ |
| રાયડો | ૬૩૦-૭૧૧ |
| રાજગરો | ૬૫૦-૮૧૭ |
| બાજરી | ૨૩૫-૨૫૫ |
| ઘઉં | ૩૦૪-૩૧૫ |
| ગવાર | ૭૧૭ |
| જીરૂ | ૨૨૫૦-૨૭૫૦ |
| **થરાદ** | |
| રાયડો | ૭૦૦-૭૫૧ |
| એરંડા | ૮૦૦-૮૩૫ |
| જીરુ | ૨૩૦૦-૩૩૨૬ |
| મગ | ૭૫૦-૮૭૯ |
| મઠ | ૪૯૧-૫૮૧ |
| ગવાર | ૭૪૦-૭૮૨ |
| મેથી | ૫૮૦-૧૨૬૬ |
| **રાહ** | |
| રાયડો | -૭૨૦-૭૫૧ |
| એરંડા | ૮૧૦-૮૧૬ |
| **પીલુડા** | |
| રાયડો | ૭૧૫ થી ૭૫૦ |
| એરંડા | ૮૧૫ થી ૮૩૬ |
| જીરું | ૨૬૫૦ થી ૨૭૭૧ |
| તલ | ૧૨૧૧ થી ૧૨૧૧ |
| ધાણા | ૬૮૧ થી ૬૮૧ |

| | |
|---|---|
| ગવાર | ૭૮૬ થી ૭૮૬ |
| ઈસબગુલ | ૧૬૦૦થી ૧૬૯૨ |
| **થરા** | |
| જીરૂ | ૨૪૦૦-૨૯૧૫ |
| એરંડા | ૮૨૨-૮૩૨ |
| રાયડો | ૬૮૨-૭૨૦ |
| ઘઉં | ૩૧૫-૩૩૨ |
| ગવાર | ૭૩૦-૭૪૮ |
| બાજરી | ૨૪૨-૨૬૨ |
| અડદ | ૬૮૪ |
| રાજગરો | ૬૦૦-૭૨૦ |
| **સિદ્ધપુર** | |
| ઘઉં | ૩૨૫-૩૬૦ |
| બાજરી | ૧૯૦-૨૪૫ |
| જુવાર | ૭૧૦-૮૯૫ |
| એરંડા | ૭૯૦-૮૩૭ |
| રાયડો | ૬૧૭-૭૫૬ |
| ગવાર | ૭૦૦-૭૮૭ |
| કપાસ | ૭૮૫-૧૦૨૦ |
| **પાટણ** | |
| જીરૂ | ૨૫૦૦-૩૦૫૬ |
| વરી. | ૧૧૦૦-૧૬૭૧ |
| મેથી | ૪૫૦-૫૬૧ |
| સુવા | ૮૪૦-૧૦૨૯ |
| રાયડો | ૬૫૦-૭૪૭ |
| એરંડા | ૭૯૦-૮૪૦ |
| અજમો | ૧૦૫૦-૧૨૨૧ |
| ઘઉં | ૩૨૬-૩૭૨ |
| તલ | ૧૦૦૦ |
| બાજરી | ૨૨૦-૨૫૮ |
| અડદ | ૬૫૦-૭૫૧ |
| ગવાર | ૭૬૫-૭૭૫ |
| કપાસ | ૮૨૦-૧૦૨૫ |

# રાધનપુર પાલિકાએ સમસ્યાઓના નિકાલ માટે વૉટ્સએપ ગ્રુપ બનાવ્યું

રાધનપુર

રાધનપુર નગરપાલિકામાં કોંગ્રેસની સત્તા આવ્યા બાદ શહેરમાં લોકોને સારી સુવિધા મળે અને જે તે વિસ્તારોમાં લોકોની સમસ્યાઓનો તાત્કાલિક નિકાલ આવે તે માટે પાલિકાના સત્તાધીશો દ્વારા " રાધનપુર નગરપાલિકા " નામનું વૉટ્સએપ ગ્રુપ શરુ કર્યું છે,આ ગ્રુપને સારો પ્રતિસાદ મળી રહ્યો છે. અને પાલિકાના સાતેય વોર્ડના લોકો પોતાની સમસ્યાઓ આ ગ્રુપમાં મૂકી રહ્યા છે,જે સમસ્યાઓનો તુરંત જ નિકાલ થાય તે માટે પાલિકાના સત્તાધીશો તુરંત એકશનમાં આવી જાય છે.આ ગ્રુપમાં લોકો દ્વારા પીવાના પાણી, ગટરની સફાઈ,કીચડ,ગંદકી,રસ્તા સહિતની સમસ્યાઓ લોકો દ્વારા મુકવામાં આવે છે. ગંદકીની સમસ્યા હોય તો સેનેટરી ઈન્સ્પેક્ટર તુરંત પોતાના સ્ટાફને મોકલીને સમસ્યાનું નિરાકરણ લાવે છે,તો અન્ય વિભાગોના અધિકારીઓ અને ચૂંટાયેલા કોંગ્રેસના સદસ્યો પણ સતત સક્રિય જોવા મળી રહ્યા છે.આ ગ્રુપમાં પત્રકારો અને પ્રતિષ્ઠિત નાગરિકોને એડમીન બનાવવામાં આવ્યા છે, જેથી વધુમાં વધુ લોકોએ આ ગ્રુપમાં જોડી શકાય.

# વિશ્વ મહિલા દિને નન્હી પરીઓને કીટ અર્પણ કરતા જીઆઈડીસીના ચેરમેન

સિધ્ધપુર

સમગ્ર વિશ્વમાં સને ૧૯૧૮ થી ૮ મી માર્ચે વિશ્વ મહિલા દિન ઉજવવામાં આવે છે. આ દિવસે મહિલા વિકાસ માટેની અનેક યોજનાઓ અમલમાં આવે છે. આ વર્ષે ગુજરાત સરકાર તરફથી ૮ મી માર્ચે જન્મ લેનાર તમામ દિકરીઓને ચાંદીનો સિક્કો આપી વિશેષ સન્માન આપનાર છે.



સિધ્ધપુરમાં રાજ્ય સરકાર વતી માણેકબા પ્રસુતિગૃહમાં જન્મ લેનાર બે નન્હી પરીઓને જી.આઈ.ડી.સી.ના ચેરમેન બલવંતસિંહ રાજપૂતે ચાંદીના સિક્કા, મીઠાઈ, કપડાં વિગેરેની કીટ આપી શુભેચ્છાઓ પાઠવી હતી. આ સમયે બ્લોક હેલ્થ ઓફીસર ડૉ.રેખાબેન નાયક, ડૉ.પ્રહલાદભાઈ પટેલ, જે.ડી.પટેલ, રણજીતસિંહ ઠાકોર, એ.ડી.શ્રીમાળી, જ.લ.પરમાર, ઠાકરાસણના સરપંચ અમરતજી ઠાકોર સહીત કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# રાધનપુર તાલુકાના બંધવડના સ્વર્ગસ્થ આચાર્યના પરિવારને સહાય ચૂકવાઈ

રાધનપુર

રાધનપુર તાલુકાના બંધવડ શાળાના આચાર્ય કરશનભાઈ વી.આલનું તા.૫ જુલાઈ ૨૦૧૭ના રોજ માર્ગ અકસ્માતમાં દુઃખદ અવસાન થયું હતું.તેઓ ધી રાધનપુર તાલુકા પંચાયત કર્મચારી શરાફી સહકારી મંડળીના સદસ્ય હોવાથી મંડળીના ચેરમેન હેમાભાઈ પટેલ અને વાઈસ ચેરમેન બચુભાઈ નાડોદાની રાહબરી હેઠળ રૂ.૨ લાખની સહાય મંજુર કરવામાં આવી હતી,આ સહાયનો ચેક મંડળીના મંત્રી દશરથભાઈ


કમલ ચક્રવર્તી

ચૌધરીના હસ્તે સ્વર્ગસ્થના પરિવારજનોને અર્પણ કરીને એક ઉમદા કામગીરી કરવામાં આવી હતી. તાલુકા પંચાયતના કર્મચારીઓને ધિરાણ આપતી આ મંડળીના સદસ્ય થનાર સદસ્યને બે લાખ રૂપિયાનું વીમા કવચ મળે છે.

# મીઠી ધારિયાલ-મોઢેરા રોડની બંને સાઈડે ગાંડા બાવળના સામ્રાજ્યથી વાહન ચાલકો પરેશાન

ચાણસ્મા

ચાણસ્મા તાલુકાના મણીયારી વાયા મીઠીધારીયાલ મોઢેરા રોડની બંને બાજુએ ગાંડા બાવળના સામ્રાજ્યના કારણે અહીંથી પસાર થતા એસ.ટી.તેમજ અન્ય ખાનગી વાહન ચાલકો ભારે પરેશાની વેઠી રહ્યા છે. અને નર્મદાની મુખ્ય કેનાલના વળાંકમાં બાવળના કારણે ભવિષ્યમાં ગંભીર અકસ્માત થવાની ભીતી વાહન ચાલકો વ્યક્ત કરી રહ્યા છે. મણીયારી બસસ્ટેન્ડથી વાયા મીઠીધારીયાલ મોઢેરા સૂર્યમંદિર સુધીનો રોડ રાજ્ય સરકારના માર્ગ અને મકાનની હદમાં આવેલો છે. મણીયારીથી મીઠીધારીયાલ આશરે ૩ કિ.મી.ના ડામર રોડની બંને બાજુથી ગાંડા બાવળનું ઝાડ કટીંગ કરવામાં આવેલ છે. પરંતુ મીઠીધારી યાલથી મોઢેરા સૂર્યમંદિર સુધીના આશરે ૫ કિ.મીના રોડની બંને બાજુએ આજથી બે વર્ષ પહેલાં ઝાડ કટીંગ કરવામાં આવ્યું હતું. પરંતુ છેલ્લા બે વર્ષના સમયગાળા દરમ્યાન રોડની બંને બાજુએ બાવળના સામ્રાજ્ય સીંગલ પટ્ટી રોડ અડધો ઢંકાઈ ગયો છે. આ રોડ ઉપરથી મોઢેરાથી પશ્ચિમ દિશા તરફના આશરે ૧૫ જેટલા અંતરીયાળ ગામોનો એસ.ટી. વ્યવહાર અહીંથી થાય છે. તેમજ મહેસાણાથી હારીજ તરફ જવાનો આ ટુંકો રસ્તો હોવાને કારણે ખાનગી વાહન ચાલકો પણ અહીંથી પસાર થાય છે. મોઢેરા નજીક નર્મદાની મુખ્ય કેનાલ ઉપર આવેલ પુલના બંને છેડા ઉપર વળાંક હોવાથી બાવળના ઝાડના કારણે સાઈડ લેવામાં પણ તકલીફ પડે છે. ભુતકાળમાં આ વળાંક નજીક બાઈક અકસ્માતમાં કેટલાક લોકો મોતને ભેટ્યાં છે. જો આ બાવળની કટીંગ કામગીરી નહી થાય તો ભવિષ્યમાં ગંભીર અકસ્માત થવાનો ભય લોકો વ્યક્ત કરી રહ્યા છે. ત્યારે માર્ગ અને મકાન વિભાગ દ્વારા મીઠીધારીયાલ મોઢેરા રોડની બંને સાઈડે આવેલ ગાંડા બાવળો હટાવવાની કામગીરી વહેલી તકે શરૂ કરવામાં આવે તેવું લોકો ઈચ્છી રહ્યાં છે.

# દસ વર્ષ બાદ સરસ્વતી માર્કેટયાર્ડની ચૂંટણી યોજાશે

પાટણ

પાટણ જિલ્લાના સરસ્વતી માર્કેટયાર્ડની ચૂંટણી બાબતે હાઈકોર્ટમાં સુનાવણી થઈ હતી. જેમાં સામસામી દલીલોના અંતે હાઈકોર્ટે આગામી ૧૫ મી માર્ચ સુધી ચૂંટણી કરવાના આદેશો કરતાં ૧૦ વર્ષ પછી તાલુકામાં રાજકીય ગરમાવો જામવાના એંધાણ ઉભા થયા છે, વર્ષ ૨૦૦૭ માં માર્કેટયાર્ડ બન્યું ત્યારથી આજદિન સુધી માર્કેટયાર્ડનો વહીવટ કાગળ પર ચાલે છે. પાટણ તાલુકા માર્કેટયાર્ડથી અલગ થઈને સરસ્વતી માર્કેટયાર્ડ વર્ષ ૨૦૦૭ માં બનાવવામાં આવેલ. ત્યારથી લઈ આજદિન સુધી કોઈ ખરીદ વેચાણ થયું નથી. યાર્ડનો કાગળ ઉપરનો વહીવટ સરકારના વહીવટદારના હસ્તે હતો. જેને લઈ સ્થાનિક અરજદારે ચૂંટણી કરવા હાઈકોર્ટમાં રજુઆત કરતાં તબક્કાવાર સુનાવણી થઈ હતી. જેમાં ગત બુધવારે હાઈકોર્ટે અરજદાર તરફી ચુકાદો આપી આગામી ૧૫ મી માર્ચ સુધીમાં ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ કરવા આદેશ કર્યો છે. જેને પગલે ખેડુત વિભાગની ૮, વેપારી વિભાગની ૪, અને ખરીદ વેચાણ વિભાગની ૨ મળી કુલ ૧૪ બેઠકોની ચૂંટણી યોજાશે.

# દાંતકરોડીના પાટીયા પાસે બે વાહનો અથડાતાં બેનાં મોત

ચાણસ્મા

મહેસાણા, ચાણસ્મા હાઈવે ઉપર દાંતકરોડી પાટીયા નજીક સામસામે બે વાહનો વચ્ચે થયેલા અકસ્માતમાં બે વ્યક્તિઓનો ઘટના સ્થળે મોત નિપજ્યું હતું. જ્યારે પાંચેક વ્યક્તિઓને નાની મોટી ઈજાઓ પહોંચી હતી. ચાણસ્મા પોલીસે આ અંગે અકસ્માતે મોતનો ગુનો દાખલ કરી આગળની તપાસ હાથ ધરી છે.

ચાણસ્મા પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ આજે બપોરના સમયે ધીણોજ લણવા નજીક દાંતકરોડીના પાટીયા નજીક એક ઈકો પેસેન્જર ગાડી સામેથી આવતી અલ્ટ્રો ગાડી સામસામે અથડાતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં ઈકો ગાડીમાં મુસાફરી કરી રહેલ બે વ્યક્તિઓના ગંભીર ઈજા થવાથી તેમના કરૂણ મોત નિપજ્યાં હતાં. જેમાં આરીફભાઈ અજીતભાઈ મેમણ ઉ.વ. આશરે ૪૫ રહે કલોલનો સમાવેશ થાય છે. જ્યારે એક અન્ય વ્યક્તિની ઓળખ થઈ શકી નથી. આ અકસ્માતની જાણ ચાણસ્મા પોલીસ સ્ટેશને થતાં પોલીસે અકસ્માતના સ્થળે દોડી જઈ વધુ તપાસ હાથ ધરી હતી. બંને મૃતકનું પોસ્ટ મોર્ટમ લણવા સરકારી દવાખાને કરવામાં આવ્યું હતું. અન્ય ઈજાગ્રસ્તોને વધુ સારવાર માટે અન્યત્ર ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતની જાણ થતાં આજુબાજુના ગામના લોકો ઘટના સ્થળે પહોંચી જઈ બચાવની કામગીરીમાં મદદ કરી હતી. પોલીસે આ અંગે વાહન ચાલક સામે અકસ્માતનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રાધનપુર તાલુકાના જોરાવરગંજ શાળામાં ધો.૧૦ના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ યોજાયો

રાધનપુર

રાધનપુર તાલુકાના જોરાવરગંજ ગામે શ્રી સરકારી માધ્યમિક શાળાના ધો.૧૦ ના વિદ્યાર્થીઓનો વિદાય સમારોહ યોજવામાં આવ્યો હતો.જેમાં વેડ પે કેન્દ્ર શાળાના આચાર્ય રાકેશભાઈ વ્યાસ, અગીચાણાના સી.આર.સી. રમેશભાઈ દેસાઈ, શાળાના મકાન બનાવવા માટે જમીન આપનાર જમીન દાતા પરમાભાઈ જેહાભાઈ ઠાકોર,જોરાવરગંજ પ્રાથમિક શાળાના આચાર્ય પિયુષભાઈ પંચાલ,માધ્યમિક શાળાના આચાર્ય યતિનભાઈ પટેલ સહિતની ઉપસ્થિતિમાં ધો.૧૦ના વિદ્યાર્થીઓને ભાવભીની વિદાય આપવામાં આવી હતી અને તમામ વિદ્યાર્થીઓને પરીક્ષામાં તેમજ જીવનના તમામ ક્ષેત્રે ઝળહળતી સફળતા મેળવે તેવી શુભકામનાઓ આપવામાં આવી હતી. જ્યારે વિદ્યાર્થીઓએ શાળાને સરસ્વતી માતાજીની તસ્વીર ભેટસ્વરૂપે અર્પણ કરી હતી.

# બહુચરાજીના ઈન્દિરાનગરમાં પાણીની પાઈપમાં ગંદુ પાણી આવતાં રોગચાળાનો ભય

ચાણસ્મા

બહુચરાજી ખાતે ઈન્દિરાનગરમાં આવેલ આશરે ૧૦૦ જેટલા કુટુંબોના ૩૦૦ કરતાં પણ વધારે જનસંખ્યા ધરાવતા વિસ્તારમાં પીવાના પાણીની પાઈપલાઈન લીકેજ હોવાને કારણે ગંદુ પાણી ભળતાં આગામી ઉનાળાની ગરમીની ઋતુમાં આ વિસ્તારના લોકો ભારે રોગચાળો ફેલાશે તેવી ભીતિ વ્યક્ત કરી રહ્યા છે.

યાત્રાધામ બહુચરાજીમાં આવેલ ઈન્દિરાનગરમાં મોટાભાગે પછાત જ્ઞાતિના લોકો વસવાટ કરે છે. હાલમાં આ વિસ્તારમાં આવેલ મેળાના મેદાનથી માંડીને જુના ઈન્દિરાનગર બેચરાજીમાં પીવાના પાણીની પાઈપલાઈન લીકેજ હોવાને કારણે ગંદુ પાણી લોકો પીવાના ઉપયોગમાં લેશે. આ પાઈપલાઈન બદલવા માટે આ વિસ્તારના ગ્રામ પંચાયતના સદસ્ય કંકુબેન પ્રહલાદજી ઠાકોર તથા અન્ય રહીશોએ આ અંગે ઘટતી કાર્યવાહી કરવા સ્થાનિક ગ્રામ પંચાયતનું વારંવાર ધ્યાન દોરવા છતાં કોઈ પગલાં લેવામાં આવતા નથી. જેના કારણે આગામી ઉનાળાની ઋતુમાં અસહ્ય ગરમીની સાથે ભયંકર રોગચાળો ફાટી નીકળવાની દહેશત સ્થાનિકો વ્યક્ત કરી રહ્યા છે.

# પાટણ ખાતે મહિલા સંમેલન યોજાશે

પાટણ

રાષ્ટ્રીય મહિલા દિનની ઉજવણી નિમિત્તે પાટણ ખાતે આજે તારીખ ૧૦/૦૩/૨૦૧૮ના રોજ વિશાળ મહિલા સંમેલન યોજાનાર છે. સવારે ૯-૦૦ કલાકે સરદાર પટેલ શાક માર્કેટ, પદમનાભ ચોકડી,ચાણસ્મા હાઈવે ખાતે યોજાનાર આ વિશિષ્ટ કાર્યક્રમમાં શ્રમ અને રોજગાર, ડિઝાસ્ટર મેનેજમેન્ટ, યાત્રાધામ વિકાસ વિધાગના મંત્રીશ્રીના હસ્તે વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર કામગીરી મહિલાઓને સન્માનવામાં આવનાર છે. આઇ.સી.ડી.એસ. ના યશોદા માતા એવોર્ડસ, આંગણવાડી કાર્યકર બહેનો-તેડાગરોને એનાયત કરવાની સાથે વિવિધ ક્ષેત્રોમાં ઉજ્જવળ કામગીરી કરનાર પ્રતિભાશાળી મહિલાઓનું અભિવાદન કરવામાં આવનાર છે તેમ કલેકટર આનંદ પટેલ અને જિલ્લા વિકાસ અધિકારી રાજેશ રાજગુરુની યાદીમાં જણાવાયું છે.

કાર્યક્રમમાં માતા યશોદા એવોર્ડ ઉપરાંત મિશન મંગલમ યોજના, એમ.બી.બી. એસ. ની ડિગ્રી મેળવનાર સાંતલપુર તાલુકાની પ્રથમ મહિલાનું અભિવાદન, રમત-ગમત ક્ષેત્રે, આશા બહેનોને સાડીઓનું વિતરણ, મમતા કાર્ડનું વિતરણ, ૧૦૦ વર્ષથી વધુ ઉંમરની બહેનોનું સન્માન,ટેકો પ્રોજેક્ટ અંતર્ગત મોબાઈલ

ફોનનું વિતરણ, ઉજ્જવલા યોજના અંતર્ગત ગેસ કનેક્શન અને સ્વચ્છ ભારત પખવાડિયાની રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ગુજરાત કક્ષાએ પ્રથમ નંબર મેળવનારનું સન્માન જેવા કાર્યક્રમો યોજાનાર છે. સમારોહમાં કુલ મળી ૨૦ પુરસ્કારોનું વિતરણ આવનાર છે.

# યાત્રાધામ બહુચરાજીમાં ૧૮ માર્ચથી ચૈત્રી નવરાત્રિનો પ્રારંભ થશે

ચાણસ્મા

મહેસાણા જિલ્લાના પવિત્ર યાત્રાધામ બહુચરાજીમાં આસો નવરાત્રિની જેમ ચૈત્રી નવરાત્રિનું પણ વિશેષ મહત્વ રહેલું છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૧૮ માર્ચથી ૩૧ માર્ચ દરમિયાન ચૈત્રી નવરાત્રિ મહોત્સવ-૨૦૧૮ ઉજવવામાં આવનાર છે. જેને લઈ મંદિર દ્વારા તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

બહુચરાજી માતાજી ટેમ્પલ ટ્રસ્ટના વહીવટદારની યાદીમાં જણાવ્યા મુજબ, ચૈત્ર સુદ એકમને રવિવાર તા.૧૮ માર્ચના રોજ સવારે ૭-૨૧ કલાકે ઘટસ્થાપન વિધિ કરાશે. ચૈત્ર સુદ ૬ ને શુક્રવાર તા.૨૩ માર્ચના રોજ સવારે ૧૦-૦૫ કલાકે રાતચંડીયજ્ઞનો આરંભ થશે. ચૈત્ર સુદ ૮ ને રવિવાર તા ૨૫ માર્ચના રોજ સાંજના ૪-૩૦ કલાકે રાતચંડીયજ્ઞની પૂર્ણાહૂતિ થશે. આજ દિવસે રાત્રે ૯/૩૦ કલાકે માતાજીની આઠમની સવારી નીજ મંદિરથી નીકળી નગરમાં પરિક્રમા કરી નીજ મંદિરે પરત ફરશે. ત્યારે રાત્રે ૧૨ વાગે માતાજીનો પલ્લી નૈવેદ્ય ધરાવાશે. ચૈત્ર સુદ ૧૦ ને સોમવાર તા.૨૬ માર્ચના રોજ સવારે ૭-૩૦ કલાકે નવરાત્રિ ઉત્થાપનવિધિ થશે. યાત્રાધામમાં ચૈત્ર સુદ પૂનમનો લોકમેળો ૩૧ માર્ચને શનિવારના રોજ ભરાશે. પૂનમની રાત્રે ૯/૩૦ કલાકે માતાજીની પરંપરાગત સવારી નીજ મંદિરથી નીકળશે. જે હજારો શ્રધ્ધાળુઓની હાજરીમાં બોલ માડી બહુચર જય જય બહુચરના જયઘોષ સાથે શંખલપુર ગામે ટોડા બહુચર માતાજીના મંદિરે જશે. જ્યાં ગ્રામજનો દ્વારા ભવ્યાતિભવ્ય સ્વાગત કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, ચૈત્રી પૂનમના મેળા નિમિત્તે ચૈત્ર સુદ ૧૪ ને શુક્રવાર તા.૩૦ માર્ચના રોજ સવારે ૫ વાગ્યાથી પૂનમને શનિવાર તા. ૩૧ માર્ચની રાત્રે માતાજીની સવારી શંખલપુરથી પરત આવે ત્યાં સુધી દર્શાનાર્થીઓ માટે નીજ મંદિરના દ્વારા સતત ખુલ્લાં રહેશે.